# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પેજ નં. |
| --- | --- | --- |
| ૧ | પ્રાસ્તાવિક | |
| ૨ | અર્પણ | |
| ૩ | નઝરાનએ અકીદત | |
| ૪ | દુઆએ જમીલ | |
| ૫ | અણમોલ પ્રત્યાઘાત | |
| ૬ | દુઆએ જમીલ | |
| ૭ | તકરીઝે જલીલ | |
| ૮ | પ્રારંભિક વાત | |
| ૯ | ઝકાત શા માટે અને કયારે ? | |
| ૧૦ | ઝકાતની હકીકત | |
| ૧૧ | સંપૂર્ણ માલિકી હોવી | |
| ૧૨ | માલનુ 'નામી' (વૃધ્ધિ પામનાર) હોવું | |
| ૧૩ | માલનુ મૂળભૂત જરૂરિયાતથી અલગ હોવું | |
| ૧૪ | દેવા (કરજ)થી મેહફૂઝ હોવું | |
| ૧૫ | ઝકાત ન આપનારને ચેતવણી | |
| ૧૬ | ઝકાતના અર્વાચીન મસાઈલ | |
| ૧૭ | G. P. F. (પ્રોવિડન્ટ ફંડ)ની ઝકાત | |
| ૧૮ | ફિકસ ડિપોઝિટની ઝકાત | |
| ૧૯ | બોનસની ઝકાત | |
| ૨૦ | એરિઅર્સની ઝકાત | |
| ૨૧ | ભાડાના સામાન તથા મકાનમાં ઝકાત | |
| ૨૨ | બોન્ડસની ઝકાત | |
| ૨૩ | હીરા ઝવેરાતની ઝકાત | |
| ૨૪ | પોસ્ટ ઓફિસમાં જમા થયેલ રકમની ઝકાત | |
| ૨૫ | એડવાન્સ રકમની ઝકાત | |
| ૨૬ | સીકયુરીટી (પાઘડી)ની રકમ પર ઝકાત | |
| ૨૭ | કંપનીઓ પર ઝકાતનો હુકમ | |
| ૨૮ | મદ્રસાઓ તથા ઈદારાઓની સંપત્તિ પર ઝકાત | |
| ૨૯ | ડેરી ઉદ્યોગની ઝકાતનુ વર્ણન | |
| ૩૦ | પોલ્ટ્રી ફાર્મ (મરઘાં કેન્દ્ર)ની ઝકાત | |
| ૩૧ | LIC (જીવન વીમા)માં જમા રકમ પર ઝકાત | |
| ૩૨ | ભલાઈનાં કાર્યો કરતી (સામાજિક) સંસ્થાઓને ઝકાત આપવી કેવી ? | |
| ૩૩ | ચેક દ્વારા ઝકાતની અદાયગી નો હુકમ | |
| ૩૪ | સાહિબે નિસાબ કોણ કહેવાશે ? | |
| ૩૫ | ખેતી કરવા આપેલી જમીનમાં ઉશ્ર કોના પર ? | |
| ૩૬ | યુકેલિપ્ટિસ વગેરેની ખેતી પર ઉશ્ર | |
| ૩૭ | પાણીની પેદાવાર પર ઉશ્ર | |


ઝકાતના અર્વાચીન મસાઈ'લ

# ★ પ્રાસ્તાવિક ★

**અઝ : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)

**રબ તઆલા ફર્માવે છે :–** (તર્જુમો) : ''જે લોકો સોનુ અને ચાંદી ભેગુ કરે છે અને તેને અલ્લાહની રાહમાં ખર્ચ કરતા નથી તેમને દર્દનાક અઝાબની ખુશખબરી સંભળાવી દો ! જે દિવસે જહન્નમની આગમાં તેમને તપાવવામાં આવશે અને તેનાથી તેમની પેશાની તથા પાસાંઓ તથા પીઠોને ડામવામાં આવશે (અને તેમને કહેવામાં આવશે) આ એ જ છે જે તમોએ પોતાના નફ્સ માટે એકત્ર કર્યું હતું ! તો હવે (તેનો સ્વાદ) ચાખો જે એકત્ર કરતા હતા.'' (કુર્આન)

**એક હદીષ શરીફમાં છે કે :–** ''તેમની છાતીના ભાગ ઉપર જહન્નમનો ગરમ પથ્થર મૂકશે કે તે છાતી તોડીને ખભેથી નીકળી જશે, અને ખભાના હાકડા ઉપર મૂકશે તે હાડકાં તોડીને છાતીમાંથી નીકળી જશે. એક રિવાયતમાં છે કે, પીઠ તોડીને પાસામાંથી નીકળશે અને બોચી તોડીને કપાળેથી નીકળશે.'' (બહારે શરીઅત, ભાગ–૫)

ઝકાત ન અદા કરનાર માટે આ કુર્આન–હદીષની ચેતવણીની કેવળ એક ઝલક અત્રે રજુ કરી છે, જે શાનમાં સમજનાર માટે કાફી છે ! ઉપરાંત ઝકાત અદા કરનાર માટે દુનિયા તથા આખેરતની ખુશખબરીઓ પણ સંભળાવવામાં આવેલી છે, જેની વધુ વિગત માટે બહારે શરીઅત (ભાગ–૫) વાંચો.

ઝકાત ફર્ઝ છે, તેનો ઈન્કાર કરનાર **કાફિર** અને ઝકાત ન આપનાર ફાસિક તથા (કાઝીએ ઈસ્લામ નજીક) કત્લને લાયક છે. ઝકાત આપવામાં મોડુ કરનાર ગુનેહગાર છે, તેની સાક્ષી (ગવાહી) કબૂલને પાત્ર નથી. (બહારે શરીઅત)

આકિલ બાલિગ મુસલમાને ૧૦૦માંથી ૪૦મો ભાગ એટલે ૧૦૦ રૂા. માંથી અઢી રૂપિયા **સાહિબે નિસાબ** થાય તો વરસ પૂરું થતાં ઝકાત આપવી વાજિબ થશે. 'સાહિબે નિસાબ' કોણ ગણાશે ? એની સાદી ભાષામાં સ્પષ્ટતા આ કિતાબના પેજ નં. ......... ઉપર જરૂરથી વાંચી જાવ અને પછી યોગ્ય હક્કદાર મળે તેને અથવા દીની કામો ચલાવતી, **દીની કિતાબો પ્રકાશિત કરતી** અંજુમનો તથા **મદ્રસા તથા દારુલ ઉલૂમો**ને ઝકાતનો નિર્દેશ કરી રકમ આપો જેથી તેઓ **શરઈ હીલો કર્યા બાદ** તેને ઉપયોગમાં લે, જેથી તમો અધિક સવાબના હક્કદાર ઠરશો. કેટલાક લોકો પાસે સોનુ ચાંદી હોવા છતાં આવક ન હોવાથી કે રોકડ ન હોવાથી પોતાને ગરીબ જણાવી ઝકાત લે છે ! તો **તેવી બહેનો કે ભાઈઓને આપવાથી ઝકાત અદા થતી નથી.** માટે શકય તેટલી તેહકીક કરીને ઝકાત હક્કદારોને પહોંચે અને તમારી ઝકાત અદા થાય તેવી કોશિશ કરશો.

**ચેતવણી** : કોઈ **શિઆ, રાફઝી, ખારજી, વહાબી, દેવબંદી, ગૈર**

**મુકલ્લિદ (કહેવાતા અહલે હદીષ)** તથા **મવદૂદી (કહેવાતા જમાઅતે ઈસ્લામી)** વગેરે કોઈ **કાફિર** તથા **મુનાફિકને** ઝકાત આપવી જાઈઝ નથી. તેમને આપવાથી **ઝકાત અદા થશે નહીં.**

## ★ ખેતીનો પાક લેનાર ધ્યાનપૂર્વક વાંચે અને અમલ કરે ★

ઝકાત બાબતે લોકો કેટલા અજાણ છે કે અજાણ રહેવા ચાહે છે ! તેના દ્રષ્ટાંતરૂપે એક અનુભવ જણાવું કે, એક જગાએ મારે જવાનુ થયું ત્યાં ટામેટાં, ચિભડાં, ભીંડા વગેરેના ટોપલા ભરાઈ ભરાઈને માર્કેટમાં વેચાવા જઈ રહ્યા હતા. મેં પૂછતાં તે માલના માલિકે જણાવ્યું કે એક દિવસને અંતરે અમુક મણ ટામેટાં તથા અમુક મણ ચિભડાં વગેરે થાય છે. મેં પૂછયું, તેનુ ઉશ્ર (ખેતીની ઝકાત) ગણીને કાઢો છો કે નહીં ?! તો તે ભાઈ કહેવા લાગ્યા કે, એ વળી શું ?! પછી મને મઝાકમાં કહે છે કે, તમે અહીં આવશો નહીં યાર ! તમે ત ખોટમાં નાખો છો !! એટલે કે ઉશ્ર કાઢવાની વાત કરી તે એમને ખોટમાં જવાની વાત જણાઈ ! જેથી ઉશ્ર વિશે ટૂંક વિગત પણ જાણી લો. દરેક ખેડૂતે કે પાક મેળવનારે ગંભીરતાથી વિચારી ખેતીની ઝકાત કાઢવી જોઈએ. અગાઉની બાકી હોય તો ગણત્રી કરીને પણ કાઢે અને મોડુ કરવા બદલ તૌબા કરે.

ખેતીમાં જે પાક થાય અનાજ, કપાસ વગેરે તો તે જો કૂવા કે ટયૂબવેલ થકી સિંચાઈ કરેલ પિયાતવાળા ખેતરમાંથી થયો હોય તો તેનો ૨૦મો ભાગ એટલે કે ૧૦૦ કિલોમાંથી પાંચ કિલો અને બિનપિયાત (નદી, નહેર કે વરસાદના પાણીથી) પેદાશ થઈ હોય તો ૧૦મો ભાગ એટલે ૧૦૦ કિલોમાંથી ૧૦ કિલો જે કાંઈ પાકે તેમાંથી ખેતીની **ઝકાત** યાને **ઉશ્ર** કાઢવામાં આવે.

ઉશ્રમાં નિસાબ ગણવાનો નથી, તથા આકિલ હોવું શર્ત નથી, વરસ પર પૂરું કરવાનુ નથી, અને દવા વગેરેનો ખર્ચ પણ બાદ કરવાનો નથી, બલ્કે જ્યારે અને જે પાકે તેમાંથી જ જે ઝકાતના હકદારો છે એ જ હકદારોને ઉશ્રની નિયતની સાથે ઉશ્ર આપવામાં આવશે. ઝકાતની જેમ ઉશ્ર કે તેની જેટલી રકમ દારુલ ઉલૂમો, મદ્રસા, દીની પ્રકાશન સંસ્થાઓ વગેરેને આપી શકશે.

આ થોડીક જરૂરી વાતો હતી તે રજુ કરી દીધી, સાથો સાથ આપ જાણો છો કે સમયના વહેણની સાથે નવા નવા મસાઈલ દરેક ક્ષેત્રે ઉઠતા રહે છે. તો એવા કેટલાક પ્રશ્નોના નિકાલ માટે **હઝરત મુફતી અખ્તરહુસૈન કાદરી (જમદાશાહી) સાહબની કિતાબ "જદીદ મસાઈલે ઝકાત"** યાને **"ઝકાતના અર્વાચીન મસાઈલ"**ને અનુવાદ કરી અત્રે રજુ કરી છે. જેનાથી ઘણાયે **માલદારો, વેપાર ધંધાવાળા તથા નોકરિયાતો, ખેડૂતો** વગેરેને ઝકાત કાઢવા માટે માર્ગદર્શન મળી શકશે. ઈન્શાઅલ્લાહ !

**–પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

(૧૫–શાબાન, હિ.સ. ૧૪૨૨)





# અર્પણ...

બંદો આ ઈલ્મી કૃતિને તે માનનીય ફકીહો તથા મુજતહિદોના નામથી સંબંધિત કરવાની ખુશ નસીબી મેળવી રહ્યો છે જેમણે હજારો મુસીબતો ઉઠાવીને ઈસ્લામી ફિકહનું સંપાદન કર્યું અને કુર્આની દાવાને કે تِبْيَانًا لِّكُلِّ شَيْءٍ "દરેક ચીજનુ વર્ણન આ કિતાબમાં મૌજૂદ છે" ને શકિત અનુસાર સાબિત કરી આપ્યો, સાથો સાથ કિતાબ તથા સુન્નતની રોશનીમાં એટલા વિપુલ પ્રમાણમાં મસાઈલ તથા અહકામ વર્ણન કરી આપ્યા કે કોઈ ચીજ વર્ણન કરવાથી બાકી ન રહી.

અને ભાવિમાં ઉપસ્થિત થવાની શકયતાવાળા તથા અર્વાચીન મસાઈલનો શરઈ હુકમ જાણવા માટે કુર્આન તથા હદીષની રોશનીમાં એવા ઉસૂલો (નિયમો) તથા બંધારણો સંપાદિત કરી દીધાં જેના થકી દીનના ઉલમા આધુનિક મસાઈલનો ફિકહી હલ શોધતા રહેશે.

**(મુફતી) મુહમ્મદ અખ્તરહુસૈન કાદરી અલીમી ખલીલાબાદી**

દારુલ ઉલૂમ અલીમિયહ્ જમદાશાહી, જિ. બસ્તી.

ફોન : (૦૫૫૪૨) ૭૮૬૫૩

★ ★ ★ ★ ★

## નઝરાનએ અકીદત...

નાચીઝ અતિશય ખુલૂસ તથા અકીદતની સાથે પોતાના તે મહાન બુઝુર્ગોની બારગાહમાં અકીદતનુ નઝરાણુ પેશ કરે છે જેમણે નાચીઝની મહેનતના ફળ સ્વરૂપ આ કિતાબને અભ્યાસનો શરફ બખ્શ્યો અને ઈસ્લાહ ફર્માવી. વિશેષતઃ નીચે જણાવેલ ફઝ્લો કમાલવાળા બુઝુર્ગો તથા ઈલ્મો હિકમતવાળી હસ્તીઓ નાચીઝના શુક્રિયાની હકદાર છે.

**બહરુલ ઉલૂમ મુફ્તી અબ્દુલમન્નાન સાહબ કિબ્લા** (મદ્દઝિલ્લહુલ આલી, શમ્સુલ ઉલૂમ—ઘોસી, મઉ)

**ફકીહે મિલ્લત મુફ્તી જલાલુદ્દીન અહમદ અમજદી** (દામત બરકાતુહુમ્, મર્કઝે તર્બિયતે ઈફતા—ઓઝાગંજ, બસ્તી)

સાહિબે તસાનિફે કષીરા **અલ્લામા અબ્દુલહકીમ શરફ કાદરી સાહબ** (લાહોર—પાકિસ્તાન)

જામેએ મઅ્કૂલો મન્કૂલ **મુફ્તી શબ્બીર હસન સાહબ કિબ્લા** (જામેઅ રૌનાહી—ફૈઝાબાદ)

તિલ્મીઝે સદરુશ્શરીઅહ્ **અલ્લામા સૈયદ મઝહર રબ્બાની સાહબ કિબ્લા** (દારુલ ઉલૂમ રબ્બાનિયહ્, બાંદા)

**હઝરત અલ્લામા સૈયદ ઝહીર અહમદ ઝૈદી સાહબ કિબ્લા** (અલીગઢ)

આ તે નુફૂસે કુદ્સિયહ્ તથા ફઝલો કમાલના આકાશના ચમકતા સિતારાઓનાં નામો છે જેમણે પોતાની ભરપુર વ્યસ્તતા છતાં નાચીઝની આ ઈલ્મી કૃતિને જોઈને પોતાની દુઆઓથી નવાઝયો.

તે ઉપરાંત ઘણા સહાયક વડીલો તથા માનનીય ઉલમાએ આ કિતાબનો અભ્યાસ કરીને લાભદાયી મશ્વરા આપ્યા તે સૌનો હું આભારી છું.





## દુઆએ જલીલ

સમાહતુશ્શય્ખ, બહરુલ્ ઉલૂમ હઝરતુલ અલ્લામા, **મુફ્તી અબ્દુલ મન્નાન આઝમી સાહબ** કિબ્લા દામત બરકાતુહુમુલ્ કુદ્સિયહ્ (શય્ખુલ્ હદીષ દારુલ ઉલૂમ અહલે સુન્નત શમ્સુલ ઉલૂમ—ઘોસી)

ઈસ્લામી તાલીમાતનુ નિરીક્ષણ કરનારાઓનું કહેવું છે કે ઈન્સાનનો એક તઅલ્લુક તો ખાલિકે કાએનાત રબ્બુલ આલમીન તબારક વ તઆલા સાથે છે કે તે તેમના સૌનો ખાલિક (સર્જનહાર) તથા માલિક છે અને બીજો તઅલ્લુક પોતાના જેવા અન્ય ઈન્સાનો સાથે છે કે તેમના આપસમાં એકબીજાનાં કાંઈક ફર્ઝો તથા હક્કો એકબીજા પર લાગુ થયેલા છે અને ત્રીજો તઅલ્લુક ખૂદ સ્વજાત સાથે છે કે દરેક માણસ પર ખૂદ પોતાની જાતની જિમ્મેદારી પણ છે.

ઈસ્લામના અહકામનો જે હિસ્સો હુકૂકુલ્લાહ (અલ્લાહના હક્કો)નો નિર્દેશ કરે છે તેનુ નામ **ઈબાદત** છે અને જે અહકામમાં ઈન્સાનના પરસ્પર સંબંધોનો નિર્દેશ કરે છે તેને **મુઆમલાત**થી ઓળખવામાં આવે છે અને દરેક માણસની ખૂદ સ્વજાત અને નફસની ઈસ્લાહના વિશે જે અહકામ હોય તેને **અખ્લાકિયત** અને **તહઝીબે નફ્સ** કહેવામાં આવે છે.

"ઝકાત"ના સંબંધે જાહેરી મામલાઓના આર્થિક પ્રકારોથી જાણવા મળે છે કે આ અંગત માલિકપણાના જથ્થામાં જમા થનાર વધારાના માલને એક ખાસ તરકીબ વડે વરસો વરસ પબ્લિકની મિલ્કતના જથ્થામાં તબદીલ કરવાની વ્યવસ્થા છે જેથી સરમાયાનુ રોટેશન આખા સમાજમાં થતુ રહે અને કોમી ખુશહાલી (સુખ, ચૈન) બાકી રહે. એથી ઉલ્ટુ નમાઝ તથા રોઝા સંપૂર્ણપણે ઈબાદતોનો હિસ્સો છે કે તે પૂર્ણપણે બંદગીનો ઈઝહાર અને અર્ઝો નિયાઝ તથા અલ્લાહ પ્રતિ તવજ્જોહનો મુકમ્મલ ઈઝહાર છે. પરંતુ ઈસ્લામમાં "ઝકાત" તેના પાયાના અરકાનમાં ચોથા નંબર પર છે અને

ઈબાદતનો ખાસ હિસ્સો ઠરાવવામાં આવી છે. જેનાથી એવું જણાય છે કે અનેક ધર્મોની જેમ ઈસ્લામમાં દીન તથા દુનિયાનો કોઈ ફરક નથી, બલ્કે જીવનના કોઈપણ ક્ષેત્રનુ કોઈ કૃત્ય પણ હોય તે શરીઅતના વર્તુળમાં રહીને ઈખ્લાસપૂર્વક થાય તો ઈબાદત બની જાય છે. મૌલાના રૂમ رضی اللہ عنہ ફર્માવે છે :–

**ચીસ્ત દુન્યા અઝ ખુદા ગાફિલ બુદન્**
**ન કમ્માશ નુકરા વ ફરઝંદ વ ઝન**

"દુનિયા અલ્લાહથી ગાફેલ થવાનુ નામ છે, બીવી બચ્ચાં તથા માલ દૌલત સાથે વર્તવાનુ નામ નથી."

સારાંશ એ કે ઝકાત ઈસ્લામનો ખાસ રુકન અને ઈબાદતોનો એક અહમ હિસ્સો હોવાની સાથોસાથ મામલાઓના ક્ષેત્રથી પણ સંબંધિત છે અને સમયચક્રના ફેરફારની સાથોસાથ મામલાઓની સ્થિતિઓ રોજબરોજ બદલાતી રહે છે, જેના કારણે ઝકાતના મસાઈલ પર પણ અસર પડવી સંભવિત જ છે અને નવા નવા મામલાઓમાં નવા નવા પ્રશ્નો સામે આવ્યા કરે છે જેનો કુર્આન, હદીષ તથા ફિકહના ઈમામોની કિતાબોમાં સ્પષ્ટ દલીલપૂર્વક ઉલ્લેખ નથી હોતો.

હઝરત **મૌલાના અખ્તર હુસૈન સાહબ બસ્તવી** આખી સુન્ની જમાઅતના તરફથી મુબારકબાદને પાત્ર છે કે તેમણે "જદીદ મસાઈલે ઝકાત" **(ઝકાત વિશે અર્વાચીન મસાઈલ)** નામથી એક કિતાબ પ્રસિધ્ધ કરી છે, જેમાં આ પ્રકારના નવા ઉપસ્થિત થયેલા પ્રશ્નોનો ખુલાસો કરી દલીલો સાથે તેનુ વિવરણ કરવાની કામયાબ કોશિશ કરી છે.

મૌલાનાના અમુક મંતવ્યોથી મતભેદની ગુંઝાઈશ હોય શકે છે પરંતુ એનાથી મૌલાનાની આ જદ્દોજેહદની કદરો કીમત કમ નથી થતી. દુઆ છે કે અલ્લાહ તઆલા મૌલાનાની આ કોશિશને પસંદીદા બનાવે, મુસલમાનોમાં તેમની આ કૃતિને મકબૂલ ફર્માવે અને તેમને હજી અધિક ફિકહના પ્રકરણોમાં નવા મસાઈલ, ગુંચવણો ઉકેલવાની તૌફીકે રફીક બખ્શે. (આમીન)

(બહરુલ્ ઉલૂમ મુફતી) અબ્દુલમન્નાન આ'ઝમી
(શમ્સુલ ઉલૂમ, ઘૌસી, મઉ–૬ શવ્વાલ હિ.સ. ૧૪૧૯)





## અણમોલ પ્રત્યાઘાત...

**અઝ : સાહિબે તસાનીફે કષીરા**
**હઝરત અલ્લામા અબ્દુલ હકીમ શરફ કાદરી**
(મદઝિલ્લહુન્નૂરાની, લાહોર, પાકિસ્તાન)

"ઝકાત"ના મોડર્ન મસાઈલ પર આધારિત આપની કિતાબ તથા પત્ર મળ્યો. એ વાત ખુશીનો સબબ છે કે આપ તદરીસ (તલબાને પઢાવવા)ની સાથોસાથ તેહકીકના માટે પણ સમય કાઢી લો છો. આપે ઝકાતના "મોડર્ન મસાઈલ"માં ફકીહાના પાકટ દ્રષ્ટિની સાબિતી અર્પતાં નવા નવા મસાઈલનો હલ રજુ કર્યો છે.

તમારી આ કોશિશ યકીનન્ દાદને પાત્ર છે. ઉમ્મીદ છે કે આ ક્રમને ચાલુ રાખશો અને મુસ્લિમ ઉમ્મતને ઉપસ્થિત થનાર મસાઈલમાં માર્ગદર્શન પૂરું પાડવા માટે પોતાની તમામ શકિતઓને ખર્ચતા રહેશો.

અલ્લાહ તઆલા આપની આ કોશિશને કબૂલ ફર્માવે અને અજરે અઝીમથી નવાઝે. વસ્સલામ....

(અલ્લામા) મુહમ્મદ અબ્દુલહકીમ શરફ કાદરી
(જામિઆ નિઝામિયા રઝવિય્યહ્–લાહોર, પાકિસ્તાન)

# દુઆએ જમીલ

**ફકીહે મિલ્લત મુફતી જલાલુદ્દીન અહમદ અમજદી**
(દામત બરકાતુહુમુલ કુદ્દસિયહ્) મર્કઝે તર્બિયતે ઈફતા–ઓઝાગંજ, બસ્તી

نحمده ونصلى على رسوله الكريم

ઈસ્લામ કાએનાતે આલમનો તે એક અજોડ મઝહબ છે જે જિંદગીના તમામ ક્ષેત્રોમાં હિદાયત તથા માર્ગદર્શન કરવા અને દરેક મસ્અલાના વિશે સ્પષ્ટ તથા રોશન વર્ણન રજુ કરવાનો જામિન છે.

અને એ બાબત પણ સિધ્ધ થઈ ચૂકી છે કે દુનિયા નિરંતર ફેરફારો પામતી રહે છે જેના કારણે નિતનવા મસાઈલ ઉદ્ભવતા રહે છે. જેમ કે આજની પ્રગતિશીલ દુનિયામાં અસંખ્ય નવા મસાઈલ ઉપસ્થિત થઈ ચૂકયા છે જેનો જવાબ ઈસ્લામના નિશ્ચિત વર્તુળની રોશનીમાં અતિ જરૂરી છે.

ઝકાત ઈસ્લામમાં એક મુકદ્દસ અને પાકીઝા ઈબાદત છે, જેની તાકીદ કુર્આન મજીદ અને હદીષ શરીફમાં વિવિધ જગાએ વર્ણન પામેલી છે અને આ એવી ઈબાદત છે જેનો સંબંધ આર્થિક ફંડ સાથે છે. જેથી આર્થિક ફંડ અને વેપાર પધ્ધતિની રોજ બરોજ તબદીલીથી ઝકાતના બારામાં પણ નવા મસાઈલ પેદા થવું એક સ્વાભાવિક બાબત છે.

હવે તે અર્વાચીન ઝકાતના મસાઈલ કાનૂન તથા ઈસ્લામી ફિકહની રોશનીમાં હલ કરવા સમયની મહત્વની જરૂરત હતી **જેથી માલ દૌલતવાળા તથા વેપારી વર્ગ સાથો સાથ નોકરી ધંધાવાળા લોકો પોતાના માલોની સાચા અર્થમાં ઝકાત કાઢીને** અલ્લાહ તઆલાની રઝા તથા ખુશ્નૂદી હાંસલ કરી શકે અને તેના અઝાબથી મેહફૂઝ રહે.





અઝીઝમ્ **મૌલાના મુફતી મુહમ્મદ અખ્તર હુસૈન કાદરી** ઉસ્તાઝે દારુલ ઉલૂમ અલીમિયા–જમદાશાહી, જિ. બસ્તીએ આ મહત્વની જરૂરત પ્રતિ ધ્યાન કેન્દ્રિત કર્યું અને આ મસાઈલને હલ કરીને ઉમ્મતે મુસ્લિમાની રહનુમાઈ કરી. મેં આખી કિતાબ જોઈ અને જ્યાં કાંઈક ઉણપ જોવા મળી તેની ઈસ્લાહ કરી આપી છે. કિતાબ પોતાના વિષય પર ભરપુર રોશની નાખે છે જેનાથી અઝીઝમ્ની ઈસ્લામી ફિકહથી દિલચસ્પી અને મુસ્લિમ ઉમ્મત સમક્ષ ઉદ્ભવનારા મસાઈલ હલ કરવાની ફિકી સલાહિયત (ચિંતનાત્મક ક્ષમતા)ની ભાળ મળે છે. મૌલા તઆલા તેમની આ ખિદમતને કબૂલ ફર્માવે. આમીન.

بحرمة النبى الكريم عليه الصلاة والتسليم

**જલાલુદ્દીન અહમદ અમજદી** رحمة الله عليه
ખાદિમ : દારુલ ઉલૂમ અમજદિયહ્ અર્શદુલ ઉલૂમ, ઓઝાગંજ, જિ. બસ્તી
(૨૮–ઝીલકઅદહ્, હિ.સ. ૧૪૨૧, તા. ૨૩–૨–૨૦૦૧)

## તકરીઝે જલીલ

ફઝીલતુલ ઉસ્તાઝ જામેએ મઅકૂલો મન્કૂલ હઝરતુલ અલ્લામ
**મુફ્તી શબ્બીર હસન સાહબ રઝવી** (સદર શોઅબે ઈફતા વ શૈખુલ હદીષ)
અલજામિઅતુલ ઈસ્લામિયહ્, કસ્બા–રૌનાહી, જિ. ફૈઝાબાદ

نحمده ونصلى على رسوله الكريم

અમ્મા બાદ, પ્રસ્તુત કિતાબ "ઝકાતના અર્વાચીન મસાઈલ" અઝીઝ મુકર્રમ મૌલાના મહમૂદ અખ્તર હુસૈન કાદરી સાહબ ખલીલાબાદી બસ્તવી ઝીદ ઈલ્મુહૂની સંપાદિત કરેલી છે. તેમની એક કિતાબ "ઉર્સકી શરઈ હૈસિયત" હાલમાં જ પ્રસિધ્ધ થઈને મકબૂલિયત હાંસલ કરી ચૂકી છે અને તેમની આ બીજી કૃતિ છે. તેમણે ઝકાતના વિશે કેટલાક જરૂરી તથા મહત્વના મસાઈલ દલીલો સાથે એકત્ર કરીને નવા સ્વરૂપે રજુ કર્યા છે તે સૌ મસાઈલથી સામાન્ય દિમાગો ખાલી (નાવાકેફ) છે. ઝકાત એક મહત્વનો રુકન છે તેના પર અમલ કરવો વાજિબ તથા લાઝિમ છે. તેને અદા ન કરવામાં સખત ચેતવણીઓ આપતી હદીષો આવેલી છે. બુઝુર્ગોએ તેના મહત્વ પર અસંખ્ય કિતાબો લખેલી છે.

આ કિતાબ આમ તથા ખાસ લોકો માટે ખૂબ જ ઉપયોગી છે. તે લોકો જેઓ **બેંકો** તથા **કંપનીઓથી કારોબાર કરે છે** અથવા જેઓ **નોકરી** કરે છે અથવા **પોલ્ટ્રી ફાર્મ, ડેરી ફાર્મ** વગેરેનો કારોબાર કરે છે અને અજ્ઞાનતા તથા નાવાકેફીને કારણે ઝકાતની અદાયગી સારી રીતે નથી કરી શકતા તેમના માટે તેમાં જમા થયેલી રકમ અથવા મેળવેલા નફાના વિશે ઝકાતના શરઈ હુકમો ખૂબ જ સારા તરીકાથી બયાન કરવામાં આવ્યા છે. મૌલા તઆલા મુફ્તી અખ્તર હુસૈનની આ કૃતિને કબૂલિયતથી નવાઝે અને આ કિતાબ આમ તથા ખાસ લોકોમાં મકબૂલ કરે અને આ પ્રકારની વધુ ખિદમત કરવાની તૌફીક આપે.

بجاہ حبیبہ الکریم صلی المولی تعالی علیہ وسلم

**ગદાએ રઝા : શબ્બીર હસન રઝવી**

(ખાદિમ જામિઅતુલ ઈસ્લામિયહ્, કસ્બા રૌનાહી, ફૈઝાબાદ, ૧–ઝીલ કઅદહ્, હિ.સ. ૧૪૧૭)





## પ્રારંભિક વાત...

نحمده ونصلى على رسوله الكريم

અમ્મા બા'દ ! અમારું ઈમાન છે કે ઈસ્લામનુ રજુ કરેલ જીવન બંધારણ સૌથી અંતિમ, હમેશાં માટેનું અને સંપૂર્ણ બંધારણ છે જે માણસોની જિંદગીના સર્વ ક્ષેત્રોમાં માર્ગદર્શનનો જામિન અને તેમની જરૂરિયાતની પૂર્ણતા માટે ખૂદ કફીલ છે.

અને એ પણ એક હકીકત છે કે જિંદગી ફેરફારયુકત અને તબદીલી પામતી રહે છે જેના કારણે નિત નવા પ્રશ્નો ઉપસ્થિત થતા રહે છે. ખાસ કરીને સાયન્સ તથા ટેકનોલોજીના આ પ્રગતિશીલ દૌરમાં અર્વાચીન અને વેપાર ધંધાની નવી નવી સ્કીમોના જમાનામાં તો મસાઈલોનો અંબાર લાગેલો છે. જેના સંબંધે શરીઅતના હુકમો સ્પષ્ટ કરવા અને ઈસ્લામી તાલીમાતની રોશનીમાં તેમની હૈસિયત નક્કી કરવી વર્તમાન ઉલમાની મન્સબી જિમ્મેદારી છે.

એ સમયની ઘણી મોટી કરૂણતા છે કે બેંકિંગ સિસ્ટમ તથા કારોબારી સ્કીમો પર યૂરોપિયન લોબીની સંપૂર્ણ પકડ છે જેમને ત્યાં હલાલ તથા હરામ, જાઈઝ તથા નાજાઈઝનો કોઈ ખયાલ જ નથી. વળી તેઓ કાયદા તથા નિયમો ઘડવામાં ઈસ્લામી કાનૂનોને કેમ કરીને સામે રાખી શકે છે અને તેમને એ વાતની શું પડી હોય કે આપણી કઈ સ્કીમ શરીઅતના બંધારણની વિરૂધ્ધ છે કે ફેવરમાં છે ?! જે મુસલમાનો બિઝનેસમાં જોડાયેલા છે તેમને પણ આ ક્ષેત્રે વિચારવાની ખૂબ જ ઓછી ફુરસદ મળે છે અને આજે સ્થિતિ એવી બની ગઈ છે કે માલ દૌલત કમાવાની લાલચમાં અને ભૌતિકતા પાછળ દોડધામ કરવામાં, સામાન્યતઃ હલાલ રોજીના બારામાં મુસલમાનોના દિમાગમાંથી હરામ તથા હલાલ વિશેના ખયાલોને નષ્ટ કરી દેવામાં આવ્યા છે.

આ ગંભીર સંજોગોમાં ઈસ્લામના ઉલમાની જિમ્મેદારી છે કે તેઓ ઈસ્લામની સમક્ષ આવેલી ચેલેન્જોનો સમઝબુઝથી જવાબ આપે અને ઈસ્લામ તથા ઈસ્લામી ફિકહની વિશાળતા, સમૃધ્ધતા તથા હમેશગીપણાને પ્રદર્શિત કરે અને અર્વાચીન શોધો તથા નવી વ્યવહારિક વ્યવસ્થાથી ઉપસ્થિત થનાર સમસ્યાઓના હલાલ તથા હરામ તેમજ જાઈઝ હોવા વિશેની સ્પષ્ટતા કરે જેથી મુસ્લિમ ઉમ્મત શરીઅતની મના કરેલ બાબતો તથા કબીરા ગુનાહમાં નાખતી ચીજોમાં સપડાવાથી સુરક્ષિત રહી શકે.

એ વાત પણ જાહેર છે કે આ અર્વાચીન સમસ્યાઓ (મસાઈલ)ના શરઈ હુકમો સ્પષ્ટપણે કુર્આન તથા હદીષ અને ફિકહની કિતાબોમાં મળવા મુશ્કેલ છે. જેથી તેના હલનો માર્ગ એ છે કે કિતાબ તથા સુન્નત (હદીષ) તથા ફિકહના પૂરાણા ઝખીરાઓમાં એ મસાઈલથી મળતા આવતા સંજોગો તથા એવી સ્થિતિઓને શોધવામાં આવે, તેના હુકમોની ઈલ્લતો (સબબો) પર વિચાર વિમર્શ કરવામાં આવે, આપણા જમાનાના ઉર્ફ તથા રિવાજની આગળ પાછળની હાલતોની માહિતી હોય, ફિકહની બારીકીઓ તથા શાખાકિય બાબતો પર તીવ્ર દષ્ટિ હોય, કુર્આન હદીષ પરથી મસાઈલ કાઢવા બાબતે સંપૂર્ણ નિપૂણતા હોય, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના કલામ તથા અહકામના મિઝાજ તથા રૂહ (અસ્લ) સુધી પહોંચવાનો ઝૌકે સલીમ પ્રાપ્ત હોય, તીવ્ર દ્રષ્ટિ, દિર્ઘ દ્રષ્ટિ, અભ્યાસની વિશાળતા, યોગ્ય મંતવ્ય તથા ચિંતન સુધી પહોંચ અને એવી ઈલ્મની ઉચ્ચતા પ્રાપ્ય હોય ત્યારે અર્વાચીન સમસ્યાનો હલ પેશ કરી શકાય છે. આ મંઝિલ કેટલી કઠિન તથા આ ઘાટી કેટલી કાંટાળી છે તેનો અંદાઝો લગાડવો મુશ્કેલ છે !

અલ્લાહ તઆલા કયામત સુધી તે ઈસ્લામના ફકીહો પર રહમતના વાદળોની વર્ષા કરતો રહે જેમણે પોતાની પુખ્તા દ્રષ્ટિ તથા ઉચ્ચ દ્રષ્ટિથી માનવ જિંદગીના શાખાકિય પ્રશ્નોને એ રીતે સાંકળી લીધા છે કે મોટા ભાગે આજના આ અર્વાચીન યુગમાં પણ ખૂબ જ ઓછા એવા મસાઈલ મળશે જેમના માટે ફિકહના પૂરાણા ખજાનાઓમાં કોઈ દ્રષ્ટાંત ન મળી આવે.

એનો અંદાજો લગાડવા માટે નજીકના ભવિષ્યની અજોડ શખ્સિયત





ઈમામુલ કુલ **ઈમામ અહમદ રઝા** ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ નો ફિકહી ઈન્સાઈકલોપીડિયા **'ફતાવાએ રઝવિય્યહ્'** અલ્લામા સદરુશ્શરીઅહ્ અમજદઅલી ખાં رضی اللہ عنہ ની 'બહારે શરીઅત' તથા 'ફતાવાએ અમજદિયહ્' અને વર્તમાનકાળમાં હિંદુસ્તાનના ફકીહે અસ્ર મુફતી શરીફુલ હક્ક કિબ્લા અમજદી رحمۃ اللہ علیہ , ફકીહે મિલ્લત મુફતી જલાલુદ્દીન અહમદ અમજદી رحمۃ اللہ علیہ અને મુફતી મુહમ્મદ નિઝામુદ્દીન (જામેઅ અશરફિયહ્, મુબારકપુર) અને કેટલાક અન્ય બુઝુર્ગોની ફિકહી અર્કરેઝીનુ ફળ તથા ફિક્રી જદ્દો જેહદના પરિણામનો અભ્યાસ કરી લેવો પૂરતો છે.

સારાંશ કે ઈસ્લામની પાસે ફિકહ તથા ઈસ્લામી કાનૂનનો જે અઝીમુશ્શાન ઝખીરો મૌજૂદ છે તે કાનૂની બારીકી, તીવ્ર દ્રષ્ટિ, મસ્લેહતલક્ષી તથા માનવ પ્રકૃતિથી મેળાપપણાનુ અતિ મહાન કારનામુ છે, જેના મુકાબલામાં દુનિયાના કોઈ કાનૂનને રજુ નથી કરી શકાતો.

આમ તો અર્વાચીન શોધો તથા અખતરાઓ અને આર્થિક તથા વ્યાપારિક બંધારણથી ઉદ્ભવેલ સમસ્યાઓ ઈસ્લામી ફિકહની રોશનીમાં કેટલાયે ક્ષેત્રે હલ માંગે છે પણ સંક્ષિપ્ત પુસ્તિકામાં માલને લગતા ફંડમાં કેવી રીતે ઝકાત વાજિબ થશે અને તેની અદાયગીની રીત શું હશે તે દર્શાવેલ છે.

જેમ કે અગાઉ હું જણાવી ચૂકયો છું કે અર્વાચીન મસાઈલનો ફિકહી હલ ખૂબ જ મહત્વનો તેમજ મુશ્કેલ છે, જેથી કયાં આ મુશ્કેલ ગુંચવણભરી મંઝિલ અને કયાં આ આજિઝ !

હકીર (લેખક) કદી આ માર્ગેથી પસાર થવાની હિંમત ન કરત પણ ખુદા જઝાએ ખૈર આપે **જામેઅ અશરફિયા**માં સ્થપાયેલ મજલિસે શરઈના હલ કરનાર બુઝુર્ગોને કે જેમણે સમયના તકાઝા પ્રમાણે વર્તમાન કાળમાં ઉદ્ભવેલ અર્વાચીન મસાઈલનો ઈસ્લામી રોશનીમાં હલ તલાશ કરવા માટે ફિકહી સેમીનાર ગોઠવીને ઉલમાએ ઈસ્લામને બાગે

ફિરદોસમાં ભેગા કર્યા અને મશ્વરાઓ થકી તેનો સહીહ જવાબ હાંસલ કરવાની જદ્દો જેહદ કરી જેમાં આ અજ્ઞાની પણ ફૈઝાને હાફિઝે મિલ્લતથી ફૈઝયાબ થવા માટે અને ઉલમાએ કિરામની કશ્ફ બરદારી (જુતીઓ સીધી કરવા) મજલિસમાં હાજર થયો અને વિવિધ વિષયોમાં કેટલાક તૂટયાં ફૂટયાં લખાણો રજુ કર્યા, જેમાં એક વિષય 'કરજ આપવું અને તેના નફા પર ઝકાત' પણ હતો.

મહાન ઉલમાના સમુહમાં બેસીને તથા તેમની બહષો સાંભળ્યા પછી ત્યાંથી કાંઈક હિંમત ભેગી કરીને પાછો ફર્યો અને ઝકાતના વિશે મારો અભ્યાસ આપની સેવામાં રજુ કરવાની હિંમત કરી બેઠો !

અંતમાં વિનંતિ છે કે કિતાબનો સંબંધ અર્વાચીન મસાઈલથી છે જેથી મંતવ્યમાં મતભેદ સંભવિત છે. આમ તો મેં પહેલાં અમુક અકાબેરીન (મહાન ઉલમા)ને રજુ કરીને સુધારણા કરાવી લીધી છે છતાં વાંચક મિત્રો ખાસ કરીને ઉલમાએ એઝામ અને મુફતી સાહબો જ્યાં પણ કોઈ ઉણપ જુએ તો તેની સુધારણા કરીને અમને આભારી થવાનો મોકો આપે.

આ પુસ્તિકામાં જ્યાં કયાંક બુધ્ધિ તથા સમજ અને કલમને સલામત રવી પ્રાપ્ત થઈ તે કેવળ ફઝ્લે મૌલા તથા મહાન ઉલમાનો ફયઝ તથા બરકતો છે અને જ્યાં કયાંક ઠોકર ખાધી છે તો તે આ નાચીઝની નાસમજી તથા અજ્ઞાનતાનુ પરિણામ છે, જેના માટે ઉલમાએ કિરામ પાસે ઈસ્લાહની અપેક્ષા રાખુ છું. રબ્બે કાયનાત પાસે માફીનો તલબગાર છું.

وصلى الله تعالى على خير خلقه محمد واله اجمعين

**મુહમ્મદ અખ્તરહુસૈન કાદરી ખલીલાબાદી**

દારુલ ઉલૂમ અલીમિયહ, જમદાશાહી, બસ્તી.

૧૮–ઝીલહજ્જ હિ.સ. ૧૪૧૭





نحمده ونصلى على رسوله الكريم

## ★ ઝકાત શા માટે અને કયારે ? ★

**ઝકાત** ઈસ્લામનો એક અતિ મહત્વનો માલી ફરીઝો છે જેનુ ફર્ઝ હોવું કુર્આન તથા હદીષથી સાબિત છે. ઈસ્લામી ઝકાત બાબતની વ્યવસ્થા સામુહિક અદ્‌લો ઈન્સાફ અને આપસમાં ઈમદાદનો બેહતરીન નમૂનો છે. તેની અંદર સમાજના ઘણાયે આર્થિક તથા માલી મસાઈલ તથા સમસ્યાઓનો હલ પણ મૌજૂદ છે. તેને લાગુ પાડવાથી એક એવા પાકીઝા તથા સાફ સુથરા સમાજ તથા સોસાયટીને સ્થાપી શકાય છે જેમાં અમીર તથા ગરીબ, કારીગરો તથા મજદૂરો અને વ્યાપાર કારોબારવાળાઓ અને દરેક તબકાના લોકો એકબીજા સાથે હળીમળીને જીવન પસાર કરતા જોવા મળશે. ઈસ્લામના ઝકાતના બંધારણ થકી માલ તથા દૌલતથી યોગ્ય વહેંચણી અદ્‌લો ઈન્સાફના ધોરણે થાય છે. એમાં ન તો ફકીરો મિસ્કીનોના હક્કોની પાયમાલી થાય છે અને ન તો માલદારો તથા અમીરો પર જબરદસ્તી કે બળ કે જુલ્મો સિતમ થાય છે. ઝકાતની વ્યવસ્થા થકી સમાજ માલ દૌલતની લાલચ, કંજૂસાઈ તથા સ્વાર્થીપણુ તથા મતલબ પરસ્તી જેવા ગૈર અખ્લાકી (કુસંસ્કારી) ભાવનાઓથી પાક તથા સાફ રહે છે.

કુર્આન શરીફની દ્રષ્ટિએ મુસલમાનોના માટે સાચી પધ્ધતિ એ છે કે તે પોતાની જાત તથા કુટુંબીઓ માટે જાઈઝ હક્કો તથા હદોમાં રહીને મધ્યમવર્ગી બનીને પોતાની દૌલતને ખર્ચ કરે અને જે તેમની જરૂરતથી અધિક હોય તેને ખુદાના માર્ગે ખર્ચ કરે જેથી માલદારો ગરીબોના હમદર્દ બનીને રહે અને આર્થિક દ્રષ્ટિએ ગરીબ લોકો એવી સ્થિતિમાં આવી જાય કે તે પણ ઈજ્જત તથા ખુદ્દારીની જિંદગી પસાર કરી શકે.

ઈસ્લામી ઝકાત વ્યવસ્થાની ગહરાઈમાં ઉતરો અને તેની આગળ પાછળની બાબતોનો શાંતચિત્તે અભ્યાસ કરો તો યકીનન તમે અલલ એલાન એ વાતનો સ્વીકાર કરશો કે ઈસ્લામે માનવ ભલાઈનો જે નકશો તૈયાર કર્યો છે અને આર્થિક સમસ્યાથી લઈ દિલો તથા દિમાગોની પવિત્રતા અને નફસની

પાકી સુધ્ધાંનુ જે માળખુ (બંધારણ) મુસ્લિમ ઉમ્મતની સમક્ષ રજુ કર્યુ છે અને એક બાઈજ્જત તથા બાવકાર જિંદગી ગુજારવાની જે સ્કીમો બનાવી છે એના જેવો નકશો તથા બંધારણ દુનિયાનો કોઈ મઝહબ કે રહનુમા કદાપિ પેશ નથી કરી શકતો.

ઈસ્લામ ઝકાતની સિસ્ટમ લાગુ કરતા પહેલાં માનવ દિમાગની ઈસ્લાહ કરે છે અને દિલો દિમાગમાં એ વાત બેસાડે છે કે તમારી પાસે જે માલ છે તે સૌ રબ્બે કાએનાતનો અર્પણ કરેલો છે અને તેનો ખાસ ફઝ્લો કરમ છે. કેવળ પોતાની મહેનત તથા કોશિશ અને બુધ્ધિ થકી દૌલત નથી મળતી, નહીં તો દુનિયામાં કોઈ બુધ્ધિશાળી અને તંદુરુસ્ત તથા શકિતશાળી માણસ ગરીબ ન રહી જાત. એ જ પ્રમાણે તેને એ પણ યકીન અપાવે છે કે તમે જે કાંઈ પણ ખુદાની રાહમાં ખર્ચ કરશો તેનો બદલો આખેરતમાં જરૂર મળશે, એનાથીયે બેહતર મળશે અને ખુદાની બેંકમાં જો યોગ્ય રીતે અને સમયાનુસાર હપ્તા અદા કરતા રહે તો તે બેંકમાંથી તેમને ૭૦ ગણુ મળશે, બલ્કે એથી પણ વિશેષ !

ઈસ્લામ આમ તો દરેક માલદાર પર ઝકાત લાઝિમ પણ નથી કરતો, બલ્કે તેનો એક ખાસ નિસાબ નિશ્ચિત કરે છે અને તેમાંથી એક મામૂલી પ્રમાણ જેટલો હિસ્સો કાઢવાનો હુકમ આપે છે. સાથોસાથ ઝકાત લેવાના પણ નિયમો નિશ્ચિત કરે છે અને તે લોકોની બાકાયદા લિસ્ટ બહાર પાડે છે જેઓ ઝકાત લેવાનો કાનૂની હક્ક ધરાવે છે. એક તરફ તો માલદારોને ઝકાત આપવાના પાબંદ કરે છે, અને આપવા પર ફઝાઈલ તથા ન આપવા પર કાનૂની કાર્યવાહી તથા ધમકાવતા હુકમો સંભળાવીને દિલોએથી માલો દૌલતની મહોબ્બત કમ કરે છે અને બીજી બાજુ ઝકાતને માલનો મેલ કુચૈલ કહીને હાજતમંદોની ગૈરત તથા સ્વમાનને જાગૃત કરે છે કે આજે તો તમે જરૂરત તથા મજબૂરીના કારણે ઝકાતને કબૂલ કરી લીધી છે, પરંતુ એ જાણી લો કે જે કાંઈ તમે લઈ રહ્યા છો તે લોકોના માલનો મેલ કચરો છે ! જેથી ભાવિમાં તમારી શરાફતને તદ્દન શોભતુ નથી કે તમે ઝકાતના જ ઈંતેઝારમાં હાથ પર હાથ ધરીને બેસી રહો અને આર્થિક બાબતે તમારા પગો ઉપર ઉભા થવાની કોશિશ ન કરો ! નહીં ! બલ્કે, તમે પણ એક ઈજ્જતદાર માણસ





છો, તમે કાબેલિયતોથી સજ્જ છો, પરવરદિગારે આલમે તમને તમામ ખૂબીઓથી નવાઝયા છે અને તમને સહી સલામત અંગો આપીને પેદા કર્યા છે, જેથી તમે પણ તમારી કાબેલિયતોને કામે લગાડીને ખૂદ એ લાયક બનવાની કોશિશ કરો કે અન્યોને ઝકાત આપી શકો. આ છે ઈસ્લામના ઝકાતના બંધારણનુ પાયાનુ માળખુ જે પોતાનામાં તમામતર ખૂબીઓ તથા ઉમદા બાબતોને સમાવી ચૂકેલ છે.

## ★ ઝકાતની હકીકત ★

ઝકાતનો અર્થ પાકીઝગી તથા વૃધ્ધિ (વધારો) થાય છે અને શરીઅતની બોલી (ઈસ્તેહાલ)માં ઝકાત માલના તે ખાસ હિસ્સાને કહેવામાં આવે છે જેને અલ્લાહ તઆલાએ માલદારો પર કેટલીક શરતોની સાથે વાજિબ કરેલ છે અને તેમને હુકમ આપ્યો કે તેઓ ખાસ પ્રકારના લોકોને કશાયે બદલા વિના તેનો માલિક બનાવી આપે.

ઝકાત દુનિયાવી કારોબાર અને ઈન્કમ ટેકસની જેમ કોઈ ટેકસ તથા બિઝનેસ નથી બલ્કે તે કેવળ અને કેવળ ઈન્સાનોની ભલાઈ તથા આર્થિક તંગીના ખાત્મા તથા આપસમાં સહકાર તથા મદદનો એક મુકમ્મલ પ્લાન છે, જેનાથી સમાજમાં સંયુકતપણુ તથા એકતાનો માહોલ પેદા થાય છે. એક તરફ માલદાર લોકો લાલચ તથા કંજૂસી તથા ઈર્ષા જેવી બુરાઈઓથી મેહફૂઝ રહીને એ વાતને ખુદાનુ એહસાન તથા પોતાની મગફેરતનો સામાન જાણશે કે તેમને કોઈ ગરીબની જરૂરતોને પૂર્ણ કરવાની સદનસીબી પ્રાપ્ત થઈ અને પરવરદિગારે તેમને તેના દીનની ખિદમતના લાયક બનાવ્યો અને બીજી બાજુ ગરીબોના દિલોમાં આ મોહસિનો (એહસાન કર્તાઓ)ની મહોબ્બત તથા તેમની મદદનો જઝબો પેદા થશે અને આ રીતે સમાજ ગૃપબંધીની ખેંચતાણથી સુરક્ષિત રહેશે.

સારાંશ કે ઝકાત એક બાજુ માણસને પોતાના ખાલિકનો ફર્માબરદાર બનાવે છે અને બીજી બાજુ મખ્લૂકને એકબીજાના ગળે મિલાવે છે.

અલ્લાહ તબારક વ તઆલાએ હિજરતના બીજા વર્ષે મુસલમાનો

પર ઝકાત ફર્ઝ હોવાનો હુકમ લાગુ ફર્માવ્યો અને નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ અસંખ્ય હદીષોમાં ઝકાત અદા કરવાની તાકીદ ફર્માવી છે. એ જ કારણે ઝકાતના મસાઈલની સર્વ વિગત સવિસ્તાર પ્રારંભિક યુગથી આજ સુધીની તમામ ફિકહ તથા તફસીરની કિતાબોમાં ભરેલી પડી છે અને તેનાં તમામ પાસાંઓને ઈસ્લામના ફકીહોએ સ્પષ્ટ કરેલ છે.

જેમ કે આગલા વર્ણનમાં એ વાત આવી ચૂકી છે કે ઈસ્લામ દરેક પ્રકારના માલમાં ઝકાત વાજિબ નથી કરતો બલ્કે વાજિબ થવાને માટે કેટલીક શરતો નિશ્ચિત કરે છે, આ કારણે સંક્ષિપ્તમાં એ શરતોનો ઉલ્લેખ કરવો બેહતર રહેશે. એટલા માટે અમે ક્રમસર તેનુ વર્ણન કરીએ છીએ.

## ★ સંપૂર્ણ માલિકી હોવી ★

ઝકાત વાજિબ થવાની શરતોમાં સૌથી મહત્વની તથા પાયાની શરત સંપૂર્ણ માલિકી હોવી છે. એટલે કે ઈસ્લામ દરેક તે માલ પર ઝકાતનો હુકમ નથી આપતો જે કોઈ મુસલમાનની પાસે મૌજૂદ હોય, બલ્કે કેવળ અને કેવળ એ માલ પર જ ઝકાત વાજિબ થાય છે જેના પર તેનુ સંપૂર્ણ માલિકીપણુ હાંસલ હોય. રહ્યો તે માલ કે જેના પર સંપૂર્ણ માલિકી ઉપલબ્ધ ન હોય તેના પર ઝકાત વાજિબ નથી થતી.

માલિકી તથા સંપૂર્ણ માલિકીના બે અલગ અલગ ભાવાર્થો છે. જેમ કે માલિકીનો ભાવાર્થ તો એ છે કે માણસની પાસે જે માલ હોય તેમાં તેને ખર્ચ કરવાનો અને તેનાથી ફાયદો ઉઠાવવાનો હક્ક પ્રાપ્ય હોય અને સંપૂર્ણ માલિકીનો મતલબ ફુકહાએ કિરામના ઈર્શાદોની રોશનીમાં એ છે કે માણસને એ માલ પર ખર્ચ કરવાના હક્કની સાથોસાથ કબજો તથા ઈખ્તિયાર પણ સંપૂર્ણપણે હાંસલ હોય અને તેમાં ખર્ચ કરવાથી કોઈ ચીજ આડે ન આવે.

જેમ કે અલ્લામા શામી ફર્માવે છે :–

لان المراد بالتام المملوك رقبة ويدا (શામી, ભાગ–૨, પેજ–૨૫૯)

આ મતલબને લક્ષમાં રાખીને ફુકહાએ કિરામે ફર્માવ્યું કે, જો માલ





ગુમ થઈ ગયો હોય તો ભલે તે ગુમ થયેલો માલ તેની માલિકીમાં રહે છે જેની માલિકીમાં ગુમ થતા પહેલાં હતો. તથા એ માલ પર ઝકાત એટલા માટે વાજિબ નથી કે તે શખ્સના કબજામાં નથી. અલબત્ત એ વાત વિચારવા જેવી છે કે છેવટે ઝકાત વાજિબ થવા માટે સંપૂર્ણ માલિકીની શરત કઈ હિકમત પર આધારિત છે ? તો સાંભળો ! એ બાબત તો ઉઘાડા સૂરજની જેમ રોશન છે કે માલિકીપણુ અલ્લાહની એક મહાન નેઅમત છે, કેમ કે એ આઝાદી તથા ઈન્સાનિયતનુ પરિણામ છે, જેનાથી ગુલામ તથા જાનવર વંચિત રહે છે. માલિકીપણાથી માણસની સરદારીપણાની હૈસિયત અને સરદારીની પોઝીશનમાં રહેવાનો પતો લાગે છે અને સંપૂર્ણ માલિકી થકી માણસ પોતાના માલમાંથી કશીય રોકટોક વિના ફાયદો ઉઠાવે છે. અને પોતે અથવા પોતાના સહાયકો તથા નાયબોના થકી માલની અધિકતા તથા તેના વધારવા કે બમણો કરવા માટે શકિતમાન હોય છે. આવી મહાન નેઅમત પામવાને કારણે ઈન્સાનિયતનો એ જ તકાઝો છે કે જેણે આ મહાન નેઅમત બખ્શી છે તેનો શુક્ર અદા કરવામાં આવે અને ઝકાતની અદાયગી કરવામાં આવે.

## ★ માલનું "નામી" (વૃધ્ધિ પામનાર) હોવું ★

ઝકાત વાજિબ થવા માટે બીજી શરત માલનુ "નામી" હોવું છે, ગૈર નામી માલમાં ઝકાત વાજિબ નથી. 'નામી' શબ્દ 'નુમાઅ'થી બનેલો છે જેનો શાબ્દિક અર્થ અધિકતા, ઉમેરો તથા વધારો થાય છે. પણ શરીઅતની ભાષામાં "નામી' તે માલને કહે છે જેમાં હકીકતન્ અથવા હુકમન્ વધારો થવાની ક્ષમતા હોય અને માલ ધરાવનારને તેનાથી નફો તથા અધિકતા પ્રાપ્ત થઈ શકે. ભલે તે માલમાં બચ્ચાં પેદા કરવાની (વૃધ્ધિ)ની ક્ષમતા હોય અને તે પોતાની આ ક્ષમતા થકી નફાકારક હોય કે પછી વેપાર ધંધા થકી માણસને ફાયદો પહોંચાડવાની ક્ષમતા ધરાવતો હોય. ઝકાત કેવળ એવા જ માલમાં વાજિબ છે.

ઈસ્લામે ઝકાત વાજિબ થવા માટે 'નામી' માલની શરત શા માટે રાખી છે ? આવો ! જુઓ ! ઈસ્લામે મુસ્લિમ ઉમ્મત સામે ઝકાતનું બંધારણ એટલા માટે રજુ કર્યું છે કે પરવરદિગારે આલમે જે ખુશનસીબ ઈન્સાનને

માલ દૌલતનો માલિક બનાવ્યો છે અને જેને માલ જેવી નેઅમતથી સરફરાઝ કર્યો છે તે પોતાના માલનો કેટલોક હિસ્સો કાઢીને ગરીબો તથા મિસ્કીનોને આપે જેથી તેમનો ગમ દૂર થાય અને સમાજમાં ભાઈચારો તથા હમદર્દીનુ વાતાવરણ પ્રદર્શિત થાય અને આર્થિક તંગી પર અંકુશ લાગે. એટલા માટે ઝકાતમાં એટલો માલ ન આપવામાં આવે કે આપનારો ખૂદ ફકીર બની જાય. હવે જો એવા માલમાં ઝકાત વાજિબ ઠરાવવામાં આવે જેમાં વૃધ્ધિની (વધવાની) ક્ષમતા ન હોય તથા અધિક લાભદાયી ન બની શકતો હોય તો કોઈ આશ્ચર્યની વાત નથી કે ઝકાત આપનારો પોતે જ એક દિવસ ફકીર બની જાય ! અને આ વાત ઈસ્લામી રૂહની (ઈસ્લામી તકાઝાઓની) તદ્દન વિરૂધ્ધ છે અને ઈસ્લામના હેતુઓથી ખૂબ જ દૂર છે કે માણસ પોતાના હાથે જ પોતાની ફકીરીનો સામાન ખડો કરે અને અન્યોની સામે હાથ લાંબો કરવા માટે મજબૂર થઈ જાય. એટલા માટે નામી (વૃધ્ધિમય) માલો પર જ ઝકાત વાજિબ થાય છે.

## ★ માલનુ મૂળભૂત જરૂરિયાતથી અલગ હોવું ★

ઈસ્લામે ઝકાત વાજિબ થવા માટે માલનુ અસલી જરૂરતથી અલગ હોવું પણ શરત ઠરાવ્યું છે. જે માલ જરૂરતો તથા હાજતોમાં મશગૂલ હોય તેનામાં ઝકાત વાજિબ નથી. અલબત્ત, એના અનુસંધાનમાં આપણે એ જાણવું છે કે છેવટે ઈસ્લામે અસલી હાજત (મૂળભૂત જરૂરિયાત)નુ માપદંડ શું રાખ્યું છે ? અને હાજતે અસલિય્યહ્થી તેનો હેતુ શો છે ? ફુકહાએ કિરામે વિવિધ અંદાઝ તથા શબ્દોમાં તેનો ભાવાર્થ વર્ણન કરેલો છે પણ હાજતે અસલિયહ્ (મૂળભૂત જરૂરતો)નો બેહતરીન મતલબ અલ્લામહ્ શામીએ જે વર્ણવ્યો છે તે આ પ્રમાણે છે :– مـا يدفع الهـلاك عن الانسان تحقيقا او تقديرا اهـ مختصراً (શામી, ભાગ–૨, પેજ–૨૬૨)

એટલે કે મૂળ જરૂરત દરેક એવી જરૂરતને કહે છે જે ઈન્સાનને હલાકત તથા બર્બાદીથી મેહફૂઝ રાખે. જેમ કે ખાવા, કપડાં, મકાન તથા જંગી શસ્ત્રો. આ એવી જરૂરતો છે જે ગમે તે રીતે માણસ માટે જરૂરી છે, જેના વિના કોઈ ચારો નથી. એ જ પ્રમાણે કારખાનાંઓનાં મશીનો, ધંધા





કારીગરીનાં મશીનો જેના વિના માણસનો સઘળો કારોબાર બેકાર બની શકે છે, મકાનમાં સૂવા, જમવા, પીવા અને આરામ માટે જરૂરી સામાન કે જેના વગર માણસના જીવનને વ્યતિત કરવું મુશ્કેલ છે. આવજા કરવા તેમજ મુસાફરી કરવા માટે ગાડી, મોટરો, સવારીનાં સાધનો, જાનવરો વગેરે. મતલબ કે જ્યારે કોઈની પાસે માલ મૌજૂદ હોય પણ તે આ તમામ જરૂરતો અને હાજતોમાં મશગૂલ (રોકાયેલો) હોય તો તેનુ હોવું કે ન હોવું ઝકાત વાજિબ થવામાં એક સમાન છે. (એટલે કે તેના પર ઝકાત નથી લાગતી.) ઘરેણા, શણગાર સજવા માટે તથા સજાવવા ધજાવવા માટે તૈયાર કરવામાં આવે છે અને એ તેના ફાજલ હોવાની દલીલ છે. જેથી એ મૂળ જરૂરિયાતની ચીજોથી બહાર છે અને ઝકાતની માત્રાએ પહોંચવાની સ્થિતિમાં તેમાં પણ ઝકાત વાજિબ થશે.

શરીઅતે અસલી હાજતની શરત એ પુખ્તા હિકમતને લક્ષમાં રાખીને નક્કી કરી છે કે ઝકાત એક ઈબાદત છે અને ઈબાદતના માટે તબીઅતના આકર્ષણ અને ખુશીની સાથે તૈયાર હોવું જરૂરી છે અને આવી કેફિયત ત્યારે જ ઉદ્ભવી શકે છે જ્યારે માણસને તેના જીવન જરૂરીમાંથી બચેલા માલની ઝકાત કાઢવાનો હુકમ આપવામાં આવે. જો એવા માલમાં ઝકાતનો હુકમ લગાડી દેવામાં આવે જે માણસની પ્રાથમિક જરૂરતોમાં રોકાયેલો છે, તો મને કમને ઝકાત કાઢવા માટે તૈયાર થઈ જશે પણ તે આકર્ષણ તથા ઉત્સાહ અને મનનો ઉમંગ–ખુશી પેદા થઈ શકશે નહીં જે ઈબાદતોની અસલી સ્પિરિટ (ભાવના) તથા રૂહાની સુકૂનનો સામાન છે.

## ★ દેવા (કરજ)થી મેહફૂઝ હોવું ★

ઝકાત વાજિબ થવાની એક શરત માલનુ કરજ (દેવા)થી મેહફૂઝ હોવું છે. એટલે કે જો કોઈ માણસની પાસે અઢળક માલ છે પણ એના માથે એવું દેવું છે કે બંદાઓની તરફથી એની માંગણી થાય છે અથવા થઈ શકે છે તો ઈસ્લામ એ માલથી ઝકાત આપવાનો હુકમ લાગુ નથી કરતો, કેમ કે એ માલ જેમ કે તેની મૂળ જરૂરતનો એક હિસ્સો છે અને ઝકાત વાજિબ થવા માટે અસલી હાજતથી અલગ હોવું જરૂરી છે. પરવરદિગારે આલમની કામિલ

રહમતનુ આ કેટલુ અનોખુ પ્રકરણ છે કે જો કોઈના માથે બંદાઓના હક્કો હોય તો તેને એ પસંદ નથી કે બંદાનો હક્ક આપવામાં મોડુ કરવામાં આવે અને મારી રાહમાં ખર્ચવામાં આવે. એ ફર્માવી રહ્યો છે કે હું હવે મારો હક્ક તો જતો કરી દઉં છું પણ એક બંદાનો બીજા બંદા પર જે માલી હક્ક છે તેને જરૂર અદા કરો. સુબ્હાનલ્લાહ !

આ તે શરતો છે જે ઝકાત વાજિબ થવાના મસ્અલામાં પાયાની હૈસિયત ધરાવે છે. તેમાંથી કોઈ એક શરતની પણ ગેરહાજરી હશે તો ઝકાત વાજિબ થશે નહીં અને તમામ શરતો મૌજૂદ હોવા પર ઝકાત વાજિબ થઈ જાય છે અને કોઈ શખ્સ પર ઝકાત વાજિબ હોય તેમ છતાં તે અદા ન કરે તો તેના માટે કુર્આન તથા સુન્નત (હદીષ)માં એવા ગંભીર ભયોનો સામનો કરવાની ખબર આપવામાં આવી છે કે જેની કલ્પનાથી રુંવાટાં ઉભાં થઈ જાય છે ! અને કલેજુ હચમચી ઉઠે છે અને એક ઈમાનવાળા પર જે સ્થિતિ છવાઈ જાય છે તેનો એહસાસ કેવળ ખુદાનો ડર રાખવાવાળા જ કરી શકે છે.

સબકના માટે અમુક હદીષો રજુ કરી આપુ છું જે તે માલ સંપત્તિવાળા લોકો માટે યકીનન બોધદાયક છે જેઓ માલ તથા દૌલતના નશામાં આ અલ્લાહના હુકમનુ ઉલ્લંઘન કરવામાં જ ફખ્ર મેહસૂસ કરે છે, ખુદાની આપેલી આ મહાન નેઅમતને પોતાની જાગીર સમજે છે, તેમાં પોતાની મનમાની તથા નિરર્થક ખર્ચ કરવામાં જરાય અચકાતા નથી, શરીઅતની હદોને તોડીને પોતાની ઐયાશીનુ બજાર ગરમ કરતા રહે છે અને પોતાના મોહતાજ ભાઈઓની હમદર્દી અને ગમખ્વારીનો પોતાના દિમાગમાં કદી ખયાલ નથી લાવતા. એ શકય છે કે જો આજે તેઓ ખુદાના મોહતાજ બંદાઓ મદદ નથી કરતા તો કાલે કિયામતના દિવસે ખુદા પણ તેમનો યારો મદદગાર નહીં બને અને તેમને દર્દનાક અઝાબના સકંજામાં જકડી લેશે. ખુદા આપણને એવી માલદારીથી મેહફૂઝ રાખે જેના પરિણામે મેહશરના મેદાનમાં ઝલીલો બેઈજ્જત થવું પડે અને થોડા દિવસની એશો આરામવાળી જિંદગીના બદલે આખેરતમાં બેચૈની તથા બેકરારી અને અઝાબે ખુદાવંદીનો તૌક ગળામાં પરોવવામાં આવે. (આમીન)





## ★ ઝકાત ન આપનારને ચેતવણી ! ★

આવો ! છેવટમાં તે હદીષોને પણ જોતા ચાલો જે ઝકાત ન આપનારાઓના બારામાં આવેલી છે અને જેને વાંચીને સબક તથા બોધ ગ્રહણ કરવામાં આવે.

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે :–

"ઝકાતનો માલ જે માલમાં ભળેલો હશે તેને તબાહ તથા બર્બાદ કરી નાખશે."

એક બીજી જગાએ આકાએ નામદાર صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે :–

"જમીન પર કે પાણીમાં જે માલ નાશ પામે છે તે ઝકાત ન આપવાથી નાશ પામે છે."

એક અન્ય ઠેકાણે સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ઈર્શાદ ફર્માવે છે :–

"જે શખ્સ પોતાના માલની ઝકાત ન આપે તે માલ કિયામતના દિવસે બોડા (ગંજા) અજગરનુ રૂપ ધારણ કરશે અને તેના ગળામાં તૌક (હાર) બનીને પડશે."

એ જ પ્રમાણે એક અન્ય બોધપાત્ર હદીષ છે :–

"તે અજગર મોઢુ ફાડીને તેની પાછળ દોડશે અને તે નાસશે. તેને કહેવામાં આવશે કે, લે તારો તે ખજાનો જેને છુપાવીને રાખતો હતો કે હું તેનાથી માલદાર થઈ જાઉં ! જ્યારે જોશે કે તે અજગરથી કોઈ બચવાનો માર્ગ નથી તો અનાયાસે પોતાનો હાથ તેના મોઢામાં આપી દેશે તો તે એવી રીતે ચાવશે જેવી રીતે નર ઊંટ ચાવે છે.

અંતે એક અધિક હદીષ વાંચી લો ! નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે :–

"જ્યારે તે અજગર તેની પાછળ દોડશે તો તે પૂછશે કે તુ કોણ છે ?! અજગર કહેશે કે તારો તે ઝકાતી માલ છું જેને છોડીને તુ મરી ગયો હતો ! જ્યારે તે જોશે કે તે પીછો જ કરતો જાય છે તો તેના મોઢામાં હાથ આપી દેશે, તે તેને ચાવશે અને પછી તેનુ આખુ શરીર ચાવી કાઢશે."

પરવરદિગારે આલમ આપણને સૌને એવા અઝાબથી બચાવે. (આમીન).

بسم الله الرحمن الرحيم

# ઝકાતના અર્વાચીન મસાઈલ

## ★ જનરલ પ્રોવિડન્ટ ફંડ (GPF)ની ઝકાત ★

ગવર્નમેન્ટ ઓફિસો તથા કેટલીક પ્રાઈવેટ કંપનીઓના કર્મચારીઓના પગારોમાંથી અમુક હિસ્સો અલગ કરીને મેહફૂઝ ખાતામાં જમા કરી દેવામાં આવે છે અને અમુક ટકા ગવર્નમેન્ટ અથવા કંપની પોતાના કર્મચારીના ભાવિને લક્ષમાં રાખીને પોતાના તરફથી તેમાં ઉમેરો કરે છે અને રિટાયરમેન્ટ પછી તે સઘળી રકમ કર્મચારીને આપી દેવામાં આવે છે. કેટલીક વાર દરેક બે પ્રકારની જણાવેલ રકમો પર ગવર્નમેન્ટ અથવા કંપની ઈન્ટરરેન્ટના નામે પણ કાંઈક વધારો જોડીને છેવટે તે સમગ્ર રકમ કર્મચારીઓને અદા કરે છે. આ રકમ આમ જોડીને છેવટે તે સમગ્ર રકમ કર્મચારીઓને અદા કરે છે. આ રકમ સામાન્ય બોલીમાં પ્રોવિડન્ટ ફંડ કહેવાય છે.

હવે પ્રશ્ન એ છે કે જે રૂપિયા કર્મચારીના પગારમાંથી કપાયા અને તેમાં ગવર્નમેન્ટે પોતાના તરફથી જે ઉમેરો કરીને બેંકમાં જમા કરાવ્યા, પછી પાછળથી ઈન્ટરેસ્ટની સાથે સૌ રકમોને પરત કરી તેમાં ઝકાત વાજિબ થશે કે નહીં ? જો થશે તો કયારે અને તેને અદા કરવાનો શો તરીકો રહેશે ?

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ના એક ફત્વાથી સ્પષ્ટ થાય છે કે જે રકમ કર્મચારીના પગારમાંથી કપાઈ અને ગવર્નમેન્ટ જે રકમ પોતાના તરફથી ઉમેરો કરીને બેંકમાં જમા કરાવે છે તે બંને રકમો કર્મચારીના પગારનો હિસ્સો છે. જેમ કે લખે છે :–

"જાઈઝ નોકરીનો પગાર દર મહીને ભલે તેનો કોઈ હિસ્સો જમા થઈને નોકરી પૂર્ણ થવાને અંતે આપવામાં આવે તે તે કર્મચારીની માલિકીનો છે અને જે પગાર ગવર્નમેનટનો નિશ્ચિત હોય તેનો ર.૩ નિશ્ચિત કરાર પ્રમાણે તઅલ્લુક ધરાવનારના જિમ્મે હોય છે અને કર્મચારીના માટે જમા કરવામાં આવે છે તે પણ ખરેખર તે જ પગારનો હિસ્સો છે."

(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ–૮, પેજ–૧૮૩)





અને આ પ્રકારની (પ્રાઈવેટ ફંડની) રકમ પર ઝકાત વાજિબ થશે કે નહીં ? જયારે આ'લા હઝરતને આ પ્રમાણેનો સવાલ કરવામાં આવ્યો તો આપે તેના પર ઝકાત વાજિબ હોવાનો હુકમ દર્શાવ્યો. જેમ કે લખે છે :–

"જયારથી તે અસલી રૂપિયા ખૂદ અથવા અન્ય ઝકાતી માલ સાથે જે ઝૈદની પાસે છે તે નિસાબ જેટલો એટલે છપ્પન રૂપિયા સુધી પહોંચ્યો અને અસલી હાજતોથી વધીને તેના પર વરસ પસાર થયું તે સમયથી તેના પર ઝકાત વાજિબ થઈ અને દર વરસે નવી ઝકાત વાજિબ થતી રહી." (ફતાવાએ રઝવિય્યહ્, ભાગ–૪, પેજ–૪૨૬)

અને ફકીહે મિલ્લત મુફતી જલાલુદ્દીન અમજદી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"કર્મચારી જો માલિકે નિસાબ છે તો અન્ય ઝકાતી માલોની સાથે એ ફંડમાં જ્યારથી રકમ જમા થવી શરૂ થઈ છે ત્યારથી તે રકમની પણ ઝકાત દર વર્ષે વાજિબ થશે." (ફતાવાએ ફયઝુર્રસૂલ, ભાગ–૧, પેજ–૪૭૯)

જેથી આ લખાણથી એ વાત તદ્દન સ્પષ્ટ થઈ ગઈ કે પ્રોવિડન્ટ ફંડમાં જે રકમ કર્મચારીના પગારમાંથી કપાઈ અને જે ગવર્નમેન્ટે તેમાં ઉમેરો કરીને જમા કરી તે બંને રકમો પર ઝકાત વાજિબ છે. અલબત્ત તેની અદાયગી રકમ પ્રાપ્ત થતાં વાજિબ થશે. કેમ કે તે રૂપિયાની હૈસિયત કરજ જેવી છે. જાણે કે કર્મચારીઓએ કંપનીને પોતાના પગારનો અમુક હિસ્સો કરજ રૂપે આપી રાખ્યો છે અને કરજમાં ઝકાત જો કે વાજિબ થાય છે પણ ઝકાત અદા કરવુ ત્યારે વાજિબ થાય છે જ્યારે નિસાબનો પાંચમો ભાગ કરજ આપનારને મળી જાય.

જેમ કે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ફર્માવે છે કે :–

"જે રૂપિયા કરજ ફેલાયા (ઉછીના અપાયા) છે તેની ઝકાત પણ લાઝિમ છે પણ જ્યારે નિસાબ જેટલા અથવા નિસાબના પાંચમા ભાગ જેટલા વસૂલ થાય તે વખતે અદા વાજિબ થશે, જેટલાં વરસો પસાર થયાં હોય સૌનો હિસાબ લગાડીને." (ફતાવાએ રઝવિય્યહ્, ભાગ–૪, પેજ–૪૩૨)

અને ફકીહે આ'ઝમે હિંદ હુઝૂર સદરુશ્શરીઅહ્ હઝરત મૌલાના

અમજદ અલીખાં رضی اللہ عنہ લખે છે :–

"બેંકને જો કરજ રૂપે આપ્યા છે જેમ કે એ જ માલૂમ છે તો જો કે ઝકાત દર સાલે વાજિબ રહેશે પણ તેને અદા કરવું વાજિબ હોવાનો સમય ત્યારે થશે જ્યારે નિસાબના પાંચમા ભાગ જેટલી રકમ કમસે કમ વસૂલ થાય (હાથમાં આવે) અને જેટલી વસૂલ થઈ જાય તેટલાની ઝકાત અદા કરવી વાજિબ થશે, કુલ નહીં. પણ વસૂલ થતાં પાછલા વરસોની પણ ઝકાત (ગણીને) આપવી પડશે." (ફતાવાએ અમજદિયહ્, ભાગ–૧, પેજ–૩૬૮)

અને જે વધારો ઈન્ટરેસ્ટ રૂપે ગવર્નમેન્ટ કે કંપનીઓની તરફથી મળે છે તેના પર ઝકાત વાજિબ થશે નહીં, ન તેની માલિકી છે. પણ નોકરીની મુદ્દત પૂર્ણ થયા પછી જો કંપની ખૂદ તેને તે વધારો આપે અને કંપનીમાં કોઈ મુસલમાન શરીક ન હોય તો આ વધારાને એ નિય્યતે લઈ શકે છે કે એક ગૈરમુસ્લિમ જમાઅત એક માલ ખુશીપૂર્વક આપે છે. આમ મુબાહ માલ સમજીને લઈ શકે છે અને કબજામાં આવ્યા પછી નિસાબમાં તેને મેળવી દેવામાં આવશે. (ફતાવાએ રઝવિય્યહ્, ભાગ–૪, પેજ–૪૨૬)

## ★ મજલિસે શરઈ મુબારકપૂરનો ફેંસલો ★

અર્વાચીન મસાઈલને હલ કરવા માટે **અલ્‌જામિઅતુલ્ અશ્‌રફિયહ્, મુબારકપુર** તરફથી મજલિસે શરઈ સ્થાવામાં આવી છે જેના હેઠળ ફિકહી સેમીનાર ગોઠવાય છે. મોટા મોટા મુફિતયાને કિરામ તથા ઉલમાએ ઈસ્લામ તેમાં ભાગ લે છે. આ મજલિસે શરઈએ GPF ના વિશે આ પ્રમાણે ફેંસલો બહાર પાડયો છે :–

"GPF માં જમા થતો પૂરો માલ પગારનો હિસ્સો છે જે કર્મચારીની માલિકીનો છે જેથી તે નિસાબ જેટલો હોય કે નિસાબ સાથે જોડાતો હોય તો તેના પર દર વર્ષે ઝકાત વાજિબ થશે, અલબત્ત અદા કરવાનુ નિસાબના પાંચમા ભાગ પર કબજો પામ્યા બાદ વાજિબ થશે અને નફા પર કબજા પછી તેની શરતોની સાથે ઝકાત વાજિબ થશે." (અકસે તયશુદા ઉમૂર, પેજ–૬)

**નોંટ** : હઝરત મુફતી નિઝામુદીન સાહબ રઝવીએ એક મજલિસ





ચર્ચામાં જણાવ્યું કે હવે ગવર્નમેન્ટ GPF માં પોતાના તરફથી કાંઈ જમા નથી કરતી, કેવળ ઈન્ટરેસ્ટ જોડીને તમારી કપાયેલી રકમ પરત કરે છે. ઈ.સ. ૧૯૯૯ સુધી લગભગ એ જ કાનૂન હતો જેનો ઉલ્લેખ આ'લા હઝરત رضی اللہ عنہ કર્યો છે. પરંતુ તેનાથી અસલ મસ્અલામાં કાંઈ ફરક પડવાનો નથી.

## ★ ફિક્સ ડિપોઝિટ (F.D.)ની ઝકાત ★

લોકો પોતાના રૂપિયાઓને બેંકો, પોસ્ટ ઓફીસોમાં એક નિશ્ચિત મુદ્દત માટે જમા કરી આપે છે, તે રકમ પર દર વરસે કાંઈક ઉમેરો થતો રહે છે. તે રકમો પર ઝકાત વાજિબ છે કે નહીં ? તેનો હલ એ છે કે જે રકમ ખૂદ માણસે જમા કરી છે તે બેંક વગેરે પર કરજ છે. જેથી તેના પર દર વરસે ઝકાત વાજિબ થશે. અલબત્ત તેની ઝકાત આપવું દિરહમના જેટલી રકમ વસૂલ (પ્રાપ્ત) થઈ જતાં લાઝિમ થશે. જેમ કે GPF ના બયાનમાં વિગતવાર આવી ગયું.

વધુ ખુલાસો આ'લા હઝરત رضی اللہ عنہ ના આ ઈર્શાદથી પણ થઈ રહ્યો છે. આપ બેંક તથા પોસ્ટ ઓફિસમાં જમા કરેલ રકમના વિશે ફર્માવે છે :–

"તે જ્યાં સુધી બેંકમાં છે પોતાના કબજામાં સમજવામાં આવશે અને દર વર્ષે તેના પર ઝકાત વાજિબ થશે." (ફતાવાએ રઝવિય્યહ્, ભાગ–૪, પેજ–૧૪૬)

અને અલ્લામા હસ્કફી લખે છે :–

ભાવાર્થ : "તેની ઝકાત વાજિબ છે જ્યારે કે નિસાબ પૂર્ણ થઈ જાય અને વરસ પસાર થઈ જાય, પરંતુ અદાયગી તરત વાજિબ નથી બલ્કે ૪૦ દિરહમના જેટલી રકમ તે કરજમાંથી વસૂલ થયા પછી વાજિબ થશે." (દુર્રે મુખ્તાર, ભાગ–૨, પેજ–૩૦૫)

બાકી રહ્યો એના પર દર વર્ષે માનવારો નફો તો એના બારામાં તેહકીક એ છે કે વર્તમાન સંજોગોમાં હિંદુસ્તાની ગવર્નમેન્ટની બેંકોથી પ્રાપ્ત થયેલ વધારાનો માલ એક મુબાહ માલ છે અને મુબાહ માલ જ્યાં સુધી મુસ્લિમના કબજામાં ન આવે તે તેના માલિકીપણામાં નથી થઈ શકતો. અને

કબજાનો મતલબ એ નથી કે કેવળ લેજર બુકમાં નફાની નોંધણી થઈ જવાથી ખાતેદારનો તેના પર કબજો માનવામાં આવશે અને નિસાબના વરસપસાર થયા પછી સૌની ઝકાત વાજિબ થશે. મજલિસ શરઈ મુબારકપૂરનો ફેંસલો છે કે :–

"હર્બીનો માલ મુબાહ માલ છે અને તે મુસ્લિમના કબજા વિના તેના માલિકીપણામાં નથી થતો અને કેવળ લેજર બુકમાં નોંધી દેવાથી ખાતેદારનો તેના પર કબજો સાબિત ન થયો એટલા માટે કે કબજાની જે હકીકી, હુકમી, મજાઝી સ્થિતિઓ ફિકહની કિતાબોમાં દર્શાવેલ છે, આ તેમાંથી કોઈ એક સ્થિતિમાં નથી આવતુ. (આગળ ફેંસલામાં લખેલ છે કે) બેંક વગેરેનો જણાવેલ નફો જ દિવસે કબજામાં આવે અને ખાતેદાર સાહિબે નિસાબ હોય તો નિસાબમાં ભળી જશે. (અકસે તય શુદા ઉમૂર, પેજ–૫, ૬)

## ★ બોનસની ઝકાત ★

ગવર્નમેન્ટ પોતાના કર્મચારીઓને વરસ પૂર્ણ થતાં અમુક નિશ્ચિત રકમ પગારથી ઉપરાંત પણ આપે છે જેને બોનસ કહેવામાં આવે છે. આ રકમની શરીઅતની રૂએ શું હેસિયત છે ? અને એના પર ઝકાત કઈ રીતે વાજિબ થશે ?

સંશોધનને અંતે એ વાત સ્પષ્ટ થઈ કે બોનસની રકમ એક પ્રકારનુ ઈનામ છે જે ગવર્નમેન્ટ પોતાના કર્મચારીઓને આપે છે, તો તેની હૈસિયત અતા કરેલ માલની હશે અને તેના પર કબજા વિના માલિકીપણુ સાબિત થશે નહીં. એટલા માટે બોનસની રકમ જ્યારે કર્મચારીના કબજામાં આવી જાય અને પછી તે નિસાબ સુધી પહોંચે અથવા બીજા માલ સાથે નિસાબ સુધી પહોંચે ત્યારે તેના પર ઝકાત વાજિબ થશે, નહીં તો નહીં. જેમ કે મજલિસે શરઈએ બોનસના વિશે આ પ્રમાણે હુકમ બહાર પાડયો છે :–

## ★ મજલિસે શરઈનો હુકમ ★

"બોનસની રકમ એક ખાસ પ્રકારનુ ઈનામ છે તેના પર કબજો પામ્યા પછી કર્મચારી તેનો માલિક થશે અને નિસાબ જેટલી રકમ મળે અથવા અન્ય





સાથે મિલાવતાં નિસાબ સુધી પહોંચે ત્યારે કબજા બાદ ઝકાત વાજિબ થશે." (અકસે તય શુદા ઉમૂર, પેજ–૬)

## ★ એરિયર્સની ઝકાત ★

ગવર્નમેન્ટના કર્મચારીઓના મોંઘવારી ભથ્થાંઓમાં છ મહીને કે વરસે જે વધારો થાય છે. સામાન્યતઃ તેના વધારાની સ્થિતિ એ પ્રમાણે હોય છે કે ગવર્નમેન્ટ હુકમ બહાર પાડે છે અને વધારાની રકમ (પગારમાં) પાછલા અમુક મહીનાઓથી જોડે છે. દા.ત. ગવર્નમેન્ટે પહેલી માર્ચે હુકમ લાગુ કર્યો કે કર્મચારીઓના પગારો (મોંઘવારી ભથ્થાં)માં ૫% નો વધારો કરવામાં આવે છે અને આ વધારો પાછલા જાન્યુઆરી મહીનાથી ગણવામાં આવશે. આ રીતે કર્મચારીનો પગાર વધારા સાથે માર્ચથી મળશે પણ પાછલા જાન્યુઆરી તથા ફેબ્રુઆરી મહીનાના પગારો જે હતા તેમાં ૫% નો વધારો એ એરિયર્સ (બાકી પડતી રકમ) તરીકે કર્મચારીને મળે છે.

હવે સવાલ એ પેદા થાય છે કે ગવર્નમેન્ટનો હુકમ બહાર પડતાં પહેલાં દા.ત. જાન્યુઆરી ફેબ્રુઆરીની જે રકમ મળશે તેના પર કર્મચારીનુ માલિકીપણુ જાન્યુઆરી ફેબ્રુઆરી મહિનાથી માનવામાં આવશે કે પછી ગવર્નમેન્ટનો ઓર્ડર બહાર પડયાની તારીખથી માલિકીપણાની સાબિતી ગણાશે ? એ જ પ્રમાણે ઝકાતનુ વાજિબ હોવુ હુકમ લાગુ કર્યાની તારીખથી થશે કે પછી પહેલાં જેટલા દિવસોના એરિયર્સનો હુકમ બહાર પડયો તેમાં તે જ સમયથી ઝકાતનો હુકમ લાગુ થશે ? આ મસ્અલા બાબતે શરઈ સેમીનારમાં ચર્ચા થઈ અને પછી એ નક્કી થયું કે :–

## ★ મજલિસે શરઈનો ફેંસલો ★

"એરિઅર્સની રકમ પગારની જ બાકી પડતી રકમ હોય છે, એટલા માટે જે તારીખે ગવર્નમેન્ટ એરિઅર્સનો હુકમ લાગુ પાડશે એ તારીખથી કર્મચારી એરિઅર્સનો માલિક થશે. ગવર્નમેન્ટનો ઓર્ડર જાહેર થતા પહેલાં જેટલા દહાડા જેટલા દિવસોના એરિઅર્સનો હુકમ થયો તે દિવસોમાં

માલિકીપણુ સાબિત નથી અને ઝકાતનુ વાજિબ થવું માલિકીપણુ જાહેર થયાની તારીખથી ઉપર દર્શાવેલ વિગત મુજબ થશે."

આ પરથી જાણવા મળ્યું કે એરિઅર્સની રકમમાં ઝકાતનો હુકમ એ તારીખથી લાગુ થયો જે તારીખે ગવર્નમેન્ટે એરિઅર્સ આપવાનો હુકમ બહાર પાડયો. જેથી જો કોઈ શખ્સ એરિઅર્સની રકમનો માલિક બન્યા બાદ માલિકે નિસાબ થઈ જાય તો તેના પર તે રકમની ઝકાત હવે વાજિબ થશે. જેથી જો કોઈએ ફેબ્રુઆરીના અંતે ઝકાતની રકમ આપવાની છે તો તેણે હમણા જાન્યુઆરી ફેબ્રુઆરીની એરિઅર્સની રકમ ઝકાતમાં જોડવાની થશે નહીં, કેમ કે તે રકમ હજી તેની માલિકીમાં જ નથી આવી.

## ★ ભાડાના સામાન તથા મકાનમાં ઝકાત ★

વેપારના વિવિધ તરીકાઓમાંથી એક તરીકો એ પણ રિવાજ પામેલો છે કે માણસ ઘણી જરૂરતનાં સામાનો પોતાની પાસે રાખે છે અને અન્ય લોકો પોતાની જરૂરતના માટે તે સામાનોને ભાડે લઈ જાય છે અને તે સામાનોથી ફાયદો ઉઠાવે છે અને તેનુ ભાડુ ચૂકવે છે. ઘણા લોકો કેટલાંક મકાન તથા દુકાન ભાડા પર આપે છે અને ઘણા લોકો દેગ વગેરે રાખે છે અને તેને ભાડા પર આપે છે. જાહેર છે કે એકથી અનેક મકાનો તથા ઘણો સામાન તે માણસની મૂળ જરૂરતથી વધુ જ હોય છે. હવે પ્રશ્ન એ છે કે શું મકાનો તથા સામાનોમાં પણ ઝકાત વાજિબ છે જેને ભાડે આપવામાં આવે છે અને ભાડુ વસૂલ કરવામાં આવે છે ?

ફુકહાએ કિરામના ઈર્શાદોથી સ્પષ્ટ થાય છે કે ઝકાત સોના ચાંદી સિવાય એવા માલમાં વાજિબ થાય છે જે વેપારના માટે હોય અને દરેક શખ્સ જાણે છે કે વેપાર અને ઈજારામાં એક જાહેરી ફરક છે. જેમ કે વેપારમાં એક વ્યકિત બીજાને કોઈ ચીજનો સંપૂર્ણપણે માલિક બનાવી દે છે અને પછી તેનાથી કિંમત વસૂલ કરે છે જ્યારે ભાડાના ધંધામાં મામલો એ છે કે ટેમ્પરરી તૌર પર એક ચીજ વડે કોઈને ફાયદો ઉઠાવવાનો મોકો આપે છે અને તેનું ભાડુ વસૂલ કરે છે. એટલા માટે જાહેર છે કે તેની પોઝીશન વેપારથી અલગ છે જેથી જો કોઈની પાસે અમુક દુકાન કે મકાન તથા વિવિધ ફર્નિચર અને





વાસણો હોય જેને તે ભાડે આપે છે તો તે સામાનો તથા મકાનોમાં ઝકાત વાજિબ થશે નહીં કેમ કે તે માલોનો વેપાર નથી.

જેમ કે સદરુશ્શરીઅહ્ رضی اللہ عنہ ઈર્શાદ ફર્માવે છે, "ભાડે આપવા માટે દેગો હોય તેની ઝકાત નથી, એ જ પ્રમાણે ભાડાનાં મકાનોની પણ ઝકાત નથી." (બહારે શરીઅત, ભાગ–૫, પેજ–૪૨)

અને ફતાવાએ આલમગીરીમાં છે :–

لواشترى قدورامن صفر يمسكهاويواجرهالاتجب فيها الزكاة كما
لاتجب فى بيوت الغلة

"જો કોઈએ પિત્તળની દેગો ખરીદી અને તેને ભાડે આપતો હોય તો તેમાં ઝકાત વાજિબ નથી જેવી રીતે કે ભાડાના મકાનમાં ઝકાત નથી." (ફતાવાએ આલમગીરી, ભાગ–૧, પેજ–૯૨)

## ★ બોન્ડસ્ (BONDS) ની ઝકાત ★

મોટા ભાગની ગવર્નમેન્ટો તથા કંપનીઓ લોકો પાસેથી ઉધાર માંગે છે અને તે ઉધાર રકમને પાછા ફેરવવા માટે મુદ્દત નિશ્ચિત કરે છે અને અધિકતમ ટકા ઈન્ટરેસ્ટનુ એલાન કરે છે અને સાબિતી રૂપે ઉધાર આપનારને સર્ટિફિકેટ આપે છે તેને બોન્ડ કહે છે.

હવે પ્રશ્ન એ છે કે ઉધાર આપનારે જે સરમાયો બોન્ડસ પર લગાડયો છે તેની ઝકાત તેણે અદા કરવી પડશે કે નહીં ? અને જો અદા કરવી પડશે તો દર વરસે કે પછી બોન્ડને કેશ કરાવતી વખતે સર્વ વિતેલા વરસોની કે કેવળ જે વરસે રકમ મળી તે જ વરસની ?

બોન્ડ હકીકતમાં એક સનદ છે એ વાતની કે તે શખ્સે આટલી રકમ કંપની કે ગવર્નમેન્ટને આપી છે. જાહેર છે કે તે રકમ કરજ (ઉધાર) છે અને કરજ વિશે વારંવાર આવી ગયું છે કે તેની ઝકાત કરજ આપનાર પર વાજિબ છે, એ શરતે કે તે માલિકે નિસાબ હોય અને દરેક વરસની ઝકાત વાજિબ છે. જો કે તેની અદાયગી ચાલીસ દિરહમના જેટલી રકમ વસૂલ થઈ જતાં લાઝિમ થશે.

## ★ હીરા ઝવેરાતની ઝકાત ★

કેટલાક લોકો ઈન્કમટેક્ષ અથવા ગવર્નમેન્ટી કાનૂનોની પકડથી બચવા માટે રોકડા રૂપિયા તથા સોના ચાંદીના રૂપમાં સરમાયાને મેહફૂઝ કરવાને બદલે હીરા ઝવેરાત લાખો રૂપિયાના ખરીદીને મેહફૂઝ કરી દે છે. જાહેર છે કે હીરા ઝવેરાત મૂળભૂત જરૂરતોમાંથી નથી અને ઊંચી કિંમત ધરાવે છે. એ જ પ્રમાણે કેટલીક ઔરતો કેવળ સાઝ શણગાર માટે હીરા ઝવેરાત વાપરે છે અને અમુક લોકો તો બાકાયદા તેનો વેપાર કરે છે. હવે સવાલ એ છે કે ઝકાત વાજિબ થવા માટે તેનો શું હુકમ છે ?

ઈસ્લામના ફકીહોએ જે માલોમાં ઝકાત વાજિબ ઠરાવી છે તેના માટે વેપારનો માલ હોવું શરત માનેલ છે, એટલા માટે જો હીરા ઝવેરાત વેપારની નિય્યતથી ખરીદવામાં આવ્યા છે તો નિઃશંક તેના પર ઝકાત વાજિબ થશે, પરંતુ જો કોઈ શખ્સે પોતાના સરમાયાને મેહફૂઝ કરવા અથવા વેપાર સિવાય કોઈ અન્ય કારણથી ખરીદી રાખેલ છે અથવા ઔરતે શણગાર માટે ખરીદેલ છે તો પણ તેમાં ઝકાત નથી. જેમ કે ''જૌહરા નૈયરા''માં છે :–

واماالیواقیت وا للالی والجواهر فلازکاۃ فیها وان کانت حلیا الا ان تکون للتجارۃ

''રહ્યા યાકૂત તથા હીરા મોતી, તો તેમાં ઝકાત નથી ભલે ઘરેણાંના રૂપમાં હોય, અલબત્ત વેપારના હેતુથી હોય તો તેમાં ઝકાત છે.'' (જૌહરા નૈયરા, ભાગ–૨, પેજ–૧૧૨)

અને ફતાવા આલમગીરીમાં છે :–

اماالیواقیت واللالی والجواهر فلازکاۃ فیها وان کانت حلیا الا ان تکون للتجارۃ

''રહ્યા યાકૂત અને હીરા ઝવેરાત, તો ભલે ઘરેણાંના રૂપમાં હોય તો પણ તેમની ઝકાત નથી, હા ! જો વેપાર અર્થે હોય તો ઝકાત છે.'' (ફતાવા આલમગીરી, ભાગ–૧, પેજ–૯૨)

આ પરથી જાણવા મળ્યું કે હીરા ઝવેરાતમાં ઝકાત કેવળ એ જ સંજોગોમાં વાજિબ થાય છે જ્યારે તે વેપાર અર્થે હોય, એ સિવાય કોઈ હાલતમાં ઝકાત વાજિબ થતી નથી.





## ★ પોસ્ટ ઓફિસમાં જમા થયેલ રકમની ઝકાત ★

જેવી રીતે બેંકોમાં વિવિધ સ્કીમો હેઠળ લોકો પોતાની રકમો જમા કરે છે એ જ પ્રમાણે પોસ્ટ ઓફિસોમાં પણ વિવિધ સ્કીમો હેઠળ પૈસા જમા કરવામાં આવે છે. એ સ્કીમોનાં અલગ અલગ નામ હોય છે. દા.ત. N.S.C., S.B. A., K.V.P., I.V.P., M.I.S. (નેશનલ સેવિંગ્ઝ સર્ટિફિકેટ, કિશાન વિકાસ પત્ર વગેરે) વગેરે.

આ ખાતાંઓમાં રૂપિયા જમા કરવાથી એક નિશ્ચિત ધોરણે મૂળ રકમ પર વધારો પણ મળે છે. હવે સવાલ એ છે કે પોસ્ટ ઓફિસોમાં જે રકમ જમા થઈ તેના પર જે વધારો મળ્યો તેની ઝકાતનો શું હુકમ છે ?

ફકીહોના ઈર્શાદોથી સ્પષ્ટ થાય છે કે પોસ્ટ ઓફિસોમાં જમા કરવામાં આવનારી રકમ કર્ઝ (ઉધાર)ની હેસિયત ધરાવે છે. જેમ કે ફિકસ ડિપોઝિટના બયાનમાં આવી ચૂકયું છે. જેથી જેવી રીતે અન્ય ઉધારવાળી રકમ પર ઝકાત વાજિબ છે તેવી જ રીતે પોસ્ટ ઓફિસમાં જમા થયેલ રકમોની પણ ઝકાત જમા કરનારાઓ પર વરસો વરસ વાજિબ થશે, એ શરતે કે જમા કરનાર કોઈ રીતે સાહિબે નિસાબ થાય. અલબત્ત, તે રકમ પર વાજિબ થનારી ઝકાતને આપવું તે વખતે વાજિબ થશે જ્યારે નિસાબના પાંચમા ભાગના જેટલા પ્રમાણમાં રકમ વસૂલ થઈ જાય અને એના ઉપર મળનારા નફાનો હુકમ અગાઉ વર્ણન થઈ ચૂકેલ છે.

## ★ એડવાન્સ રકમની ઝકાત ★

વેપાર કારોબારમાં કયારેક એવું પણ બને છે કે ખરીદનાર માલની રકમ પહેલાં જ અદા કરી આપે છે અને માલ વેચનારની જ પાસે પડેલી રહે છે. આ અગાઉથી આપેલી રકમને 'એડવાન્સ' કહે છે. એ જ પ્રમાણે જો કોઈ વ્યકિત મકાન કે દુકાન ભાડે રાખવા ચાહે છે તો તેને અમુક રકમ એડવાન્સ પેટે મકાન માલિક વગેરેને આપવી પડે છે જે ભાડામાં કપાતી રહી ખત્મ થઈ જાય છે. હવે સવાલ એ છે કે આ એડવાન્સ રકમની ઝકાત ખરીદાર અને ભાડૂત પર વાજિબ થશે કે પછી માલ વેચનાર કે મકાન માલિક પર ?

એના અનુસંધાનમાં ફુકહાએ કિરામના ઈર્શાદોથી સ્પષ્ટ થાય છે કે જે માલની કિંમત વેચનારને આપી દીધી તો ભલે ખરીદનારે પોતે ખરીદેલો માલ હજી પોતાના કબજામાં નથી લીધો બલ્કે તે દુકાનદાર પાસે જ છે અને એડવાન્સ રકમ પણ દુકાનદાર પાસે જ છે, પરંતુ તેમ છતાં પણ તે એડવાન્સની ઝકાત ખરીદનાર પર વાજિબ થતી નથી, બલ્કે વેચનારા પર છે. કેમ કે તે રકમ ખરીદનારના માલિકીપણા તથા તેના કબજામાંથી નીકળી ચૂકી છે અને વેચનાર તેનો સંપૂર્ણ માલિક બની ચૂકયો છે જેથી તે જ એની ઝકાત અદા કરશે. અલ્લામા ઈબ્ને નજીમ મિસ્રી رضی اللہ عنہ ફર્માવે છે :–

رجل اشترى عبداللتجارة يساوى مائتى درهم ونقدالثمن ولم يقبض العبد حتى حال عليه الحول فمات العبد عند البائع كان على بائع العبد زكاة المأ تين۔

"કોઈ શખ્સે વેપારની નિય્યતે એક ગુલામ ખરીદયો જેની કિંમત બસો દિરહમ જેટલી છે. ખરીદારે કિંમત અદા કરી દીધી અને ગુલામ પર કબજો નથી કર્યો ત્યાં સુધી કે એક વરસ પૂરું થઈ ગયું અને એ દરમિયાન ગુલામ મૃત્યુ પામ્યો તો વેચનાર પર બસો દિરહમની ઝકાત વાજિબ થશે." (બહરુર્રાઈક, ભાગ–૨, પેજ–૨૦૩)

જુઓ ! સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે આ એડવાન્સ રકમ ઝકાત વેચનાર આપશે, કેમ કે વેચેલો ગુલામ તેની પાસે રહયો પણ તેની કિંમતનો તે માલિક બની ગયો હોવાથી તે જ આપશે. એ જ પ્રમાણે એડવાન્સ રકમ આપનાર પર ઝકાત વાજિબ નથી બલ્કે વેચનાર પર ઝકાત વાજિબ થશે, અને વેપારનો જે માલ કિંમત અદા કર્યા છતાં ખરીદનારના કબજામાં નથી આવ્યો બલ્કે વેચનારની જ પાસે પડેલો છે તેની ઝકાત ખરીદનાર પર વાજિબ નથી. કેમ કે એ માલ પર હજી સંપૂર્ણ માલિકીપણુ નથી હાંસલ થયું, જ્યારે ઝકાત વાજિબ થવા માટે સંપૂર્ણ માલિકીપણુ જરૂરી છે.

અલ્લામા ઈબ્ને નજીમ મિસ્રી رضی اللہ عنہ ફર્માવે છે :–

واطلق الملك فانصرف الى الكامل وهو المملوك رقبة ويدا فلايجب على المشترى فيمااشتراه للتجارة قبل القبض





મુત્લક (બેકેદ) "માલિકીપણુ" ઈસ્તેમાલ થયું છે તો તેનાથી સંપૂર્ણ માલિકીપણુ મુરાદ થશે, એટલે જેના પર કબજો તથા તસર્રુફ (પહોંચ) બંને હોય એટલા માટે એ માલમાં ખરીદનાર પર ઝકાત નથી. જેને વેપાર માટે ખરીદયો પણ હજી તેના પર કબજો ન કર્યો હોય. (હવાલો આગળ મુજબ)

અને જો કબજો કરી લે તો જ્યારે કબજો કર્યો તો શું તે વરસની ઝકાત આપશે કે પછી વિતેલા વરસોની પણ ઝકાત આપશે ? અલ્લામા ઈબ્ને નજીમ કુદ્દેસ સિર્રહૂએ આ વિષયમાં વિસ્તારપૂર્વક ચર્ચા કરી છે, અને ફકીહોના મતભેદોને વર્ણન કર્યા બાદ મોહીત સરખસીનુ એક લખાણ નકલ કર્યું છે અને ખૂબ જ ઉમદા તરીકાથી એ ફેંસલો સંભળાવી દીધો છે કે, ઝકાત તો કબજો પામતાં પહેલાં જ વાજિબ થઈ જશે, અલબત્ત અદાયગી કબજા બાદ લાઝિમ થશે અને ઉધાર ઉછીના આપેલ (દૈને કવી)ની રીતે પાછલાં વરસોની પણ ઝકાત અદા કરવી પડશે. અલ્લામાનુ લખાણ આ પ્રમાણે છે :–

فعلى هذا قولهم لاتجب الزكاة معناه قبل قبضه واما بعد قبضه فتجب زكاته فيمامضى كالدين القوى

આ બુનિયાદ પર તેમના કૌલ قول لاتجب الزكاة નો મતલબ એ છે કે કબજાથી પહેલાં વાજિબ થશે નહીં. રહ્યું કબજો કર્યા બાદ તો જેવી રીતે ઉધાર આપેલામાં પાછલા વરસની પણ ઝકાત વાજિબ થાય છે એવી રીતે વેચેલા સામાન પર પણ પાછલા વરસની ઝકાત વાજિબ થાય છે. (બહરુર્રાઈક, ભાગ–૨, પેજ–૨૦૯)

આ પરથી એ મસ્અલો પણ સ્પષ્ટ થઈ ગયો કે ભાડાની રકમ જે એડવાન્સ પેટે મકાન માલિકને આપવામાં આવી તેની પણ ઝકાત માલિક પર જ વાજિબ થશે, ન કે ભાડુઆત પર. આ હુકમને અલ્લામા કાસાની رضی اللہ عنہ એ પણ સ્પષ્ટપણે બયાન ફર્માવ્યો છે કે :–

ان الزكاة تجب فى الاجرة المعجلة على الاجر لانه ملكه قبل الفسخ.

એડવાન્સ ભાડામાં ઝકાત આજિર એટલે મકાન માલિક પર વાજિબ છે, કેમ કે ભાડે લેનાર ભાડુઆત રહે ત્યાં સુધી તે તેનો માલિક છે. (બદાએઅ્ સનાએઅ્, ભાગ–૨, પેજ–૮૪)

મજલિસે શરઈ મુબારકપૂરે પણ એ જ ફેંસલો બહાર પાડયો છે કે :–

"ઈજારાનો કરાર થઈ ગયા બાદ એડવાન્સ રકમ કિંમત છે અને તે હિસ્સો પણ જે કટ થઈ ગયો અને તે હિસ્સો પણ જે ભવિષ્યમાં કટ થશે અને તેની ઝકાત શરતો જોવા મળતાં મકાન માલિક પર વાજિબ થશે." (અકસે તય શુદા ઉમૂર, પેજ–૫)

## ★ સીકયુરીટી (પાઘડી)ની રકમ પર ઝકાત ★

મકાન વગેરે ભાડે લેવાના સંજોગોમાં ભાડુઆત મકાન માલિકને ભાડાની નક્કી થયેલ રકમ ઉપરાંત એક મોટી રકમ ઝમાનત, ડિપોઝિટ, સીકયુરીટી (પાઘડી)ના નામ પર અદા કરે છે, તે રકમને ભાડુઆત ત્યારે પાછી લઈ શકે છે જ્યારે મકાન ખાલી કરી આપે અથવા ભાડુઆતપણાનો મામલો ખત્મ થઈ જાય. એ દરમિયાનમાં લેવાનો અધિકાર ભાડુઆતને નથી રહેતો, અલબત્ત રકમ જેટલી આપી રાખે તે પૂરી પાછી મળી જાય છે. હવે સવાલ એ છે કે એ રકમની ઝકાત ભાડુઆત પર વાજિબ છે કે મકાન માલિક પર જેના કબજામાં તે રકમ છે ?

એના બારામાં તેહકીક એ છે કે સીકયુરીટીની રકમ અસલમાં એક કરજ (ઉધાર) છે જે ભાડુઆત મકાન માલિકને આપે છે અને કરજની રકમના બારામાં એ વાત નિશ્ચિત છે કે તેની ઝકાત મૂળ માલિક પર જ વાજિબ છે, જેથી અહીં પણ સીકયુરીટીમાં આપેલી રકમની ઝકાત ભાડુઆત પર વાજિબ થશે એ શરતે કે સાહિબે નિસાબ હોય.

અલ્લામા હસ્કફી رضی اللہ عنہ લખે છે :–

تجب زكاتها اذاتم نصابا وحال الحول

તેની ઝકાત વાજિબ છે જ્યારે કે નિસાબ સુધી પહોંચી જાય અને વરસ વહી જાય." (દુર્રે મુખ્તાર, ભાગ–૨, પેજ–૩૦૫)

## ★ મજલિસે શરઈનો ફેંસલો ★

સીકયુરીટીની રકમને અમુક મુફતી સાહેબોએ ગીરો માનેલ છે અને





અમુકે એક એતબારથી કરજ માનેલ છે અને બીજા એતબારથી ગીરો લખેલી છે. જ્યારે આ મસ્અલો મજલિસે શરઈ મુબારકપુરના સેમીનારમાં ચર્ચા હેઠળ આવ્યો તો આ સર્વ રજુઆતો સામે રાખીને ઉલમાએ કિરામની એક જમાઅતે એ રકમને કેવળ કરજ સ્વીકાર કર્યું. આ અજ્ઞાની (મૂળ લેખક)એ પણ પોતાના મકાલા (લખાણ)માં કેવળ કરજને માન્ય ઠરાવ્યું. હવે બિહમ્દિહી તઆલા સેમીનારમાં એક લાંબી ચર્ચાને અંતે સર્વ સંમતિથી એ નક્કી થયું કે :–

"ઝમાનતનું ઝર (રકમ) કેવળ કરજ છે અને ઝમાતનુ ઝર આપનાર પર તેની ઝકાત વાજિબ છે જેની અદાયગી કબજામાં આવ્યા બાદ તમામ પાછલા વરસોની વાજિબ થશે અને દર વરસે અદા કરી આપે તો મુનાસિબ છે." (અકસે તયા શુદા ઉમૂર, પેજ–૪)

## ★ કંપનીઓ પર ઝકાતનો હુકમ ★

ધંધાકિય ક્ષેત્રે આશ્ચર્યજનક પ્રગતિએ વેપારના એક નવા બંધારણની ઓળખ કરાવી જેને સામુહિક મૂડી, કંપની, શેર બજાર વગેરે કહેવામાં આવે છે. કંપની એક કારોબારી તથા વ્યાપારી સંસ્થા હોય છે જે નક્કી થયેલ બંધારણ અનુસાર કામ કરે છે. તેના નીતિ નિયમો અને તેમાં ભાગીદારીની શરીઅતની રૂએ શું સ્થિતિ છે તેનુ વિગતવાર વર્ણન હઝરતુલ્ અલ્લામ મુફતી મુહમ્મદ નિઝામુદ્દીન સાહબ જામિઆ અશરફિયા મુબારકપુરની પ્રશંસનીય કિતાબ "શેરે બાઝારકે મસાઈલ"માં જુઓ. સંક્ષિપ્તમાં એટલુ જાણી લો કે શેર બે પ્રકારના હોય છે અને બંનેમાં જોડાવું નાજાઈઝ છે. અલબત્ત તેમાં કારોબાર થકી જે નફો હાંસલ થયો તે હલાલ છે. (શેર બાઝારકે મસાઈલ, પેજ–૫૯,૬૦)

આ એક અલગ વાત આવી ગઈ, અમારે અત્યારે એ દર્શાવવાનુ છે કે જો કોઈ શખ્સ એવી કંપનીમાં ભાગ લે છે તો તેના માલની ઝકાત કેવી રીતે નીકળશે ? કેમ કે અમુક કંપનીઓમાં અલગ અલગ ભાગીદારો હોય છે અને પોત પોતાના હિસ્સાના આધારે સરસામાન તથા આવકના માલિક બને છે. કેટલાક સંજોગોમાં સામુહિક સામાન અને માલ ઝકાતના નિસાબથી પણ

કેટલાયે ગણુ વધારે હોય છે પરંતુ તેના ભાગીદારો અને હિસ્સાદારોની સંખ્યા એટલી મોટી હોય છે કે જો કંપનીના સામુહિક માલની વહેંચણી હિસ્સાદારો પર કરવામાં આવે તો તેમાંથી કોઈ પણ સાહિબે નિસાબ નથી થતો અથવા અમુક લોકો તો થાય છે અમુક નહીં.

વિચારવાની વાત એ છે કે ઝકાત વાજિબ થવામાં કંપનીના સામુહિક માલનો એ'તેબાર થશે કે પછી દરેક ભાગીદારના વ્યકિતગત હિસ્સાનો ?

ફુકહાએ કિરામના ઈર્શાદોની રોશનીમાં એનો શરઈ હુકમ એ છે કે કંપનીની સામુહિક મૂડી તથા સરસામાન, ફર્નિચર વગેરેમાં ઝકાત વાજિબ થશે નહીં, બલ્કે કંપનીની વ્યકિતગત હાલતનો એ'તેબાર થશે. જે વ્યકિતનો હિસ્સો નિસાબના જેટલો હશે અથવા અન્ય માલને મિલાવતાં નિસાબ થઈ જાય છે તો કેવળ તેના પર ઝકાત વાજિબ થશે.

અલ્લામા હસ્કફી ફર્માવે છે :—

ولاتجب الزكاة عندنا فى نصاب مشترك من سائمة ومال تجارة وان صحت الخلطة فيه

"અમારી દ્રષ્ટિએ એ નિસાબમાં ઝકાત વાજિબ નથી જે માલ વેપાર તથા પશુઓમાં ભેગો હોય. જો કે એમાં મતભેદ છે. (દુર્રે મુખ્તાર, ભાગ—૨, પેજ—૩૦૪)

મિશ્ર (ભેગા) નિસાબના ખુલાસામાં અલ્લામા શામી رضی اللہ عنہ ઈર્શાદ ફર્માવે છે :—

المراد ان يكون بلوغه النصاب بسبب الاشتراك وضم احد المالين الى الاخر بحيث لايبلغ مال كل منهما بانفراده نصاباً۔

"મિશ્ર નિસાબનો (નિસાબે મુશ્તક)નો મતલબ એ છે કે માલ નિસાબ સુધી કેટલાક માલો સાથે મિલાવવાથી પહોંચતો હોય અને અલગ અલગ કોઈનો માલ નિસાબ સુધી ન પહોંચતો હોય." (રદ્દલ મુહ્તાર, ભાગ—૨, પેજ—૩૦૪)

અલબત્ત, કંપની સરસામાન દા.ત. ફર્નિચર વગેરે પર રકમ ખર્ચ કરવામાં આવી છે તેને ભાગીદારી પ્રમાણે કટ કરીને જે રકમ ડિપોઝિટ હોય અને જે સામાન વેપારનો હોય અને જે નફાની રકમ હોય તે સૌમાં ભાગો





પ્રમાણે જેના ભાગે જે રકમ આવે કેવળ તેના પર જ ઝકાતની અદાયગી વાજિબ થશે. એના અનુસંધાનમાં ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ નો ઈર્શાદ નિર્ણયાત્મક હૈસિયતથી રજુ કરીએ છીએ. આપ લખે છે :—

"મૂળ રૂપિયા જેટલા તેના કંપનીમાં જમા છે અથવા માલમાં તેનો જેટલો ભાગ છે અથવા વ્યાજ સિવાયના જાઈઝ નફામાં જેટલો તેનો હિસ્સો છે તેના ઉપર ઝકાત લાગુ થશે." (ફતાવાએ રઝવિય્યહ્, ભાગ—૭, પેજ—૧૧૨)

## ★ મદ્રસાઓ તથા ઈદારાઓની સંપત્તિ પર ઝકાત ★

મદ્રસા તથા ઈદારાઓ (સંસ્થાઓ)માં વાજિબ સદકા, અતિય્યા અને ઈમદાદની રકમો કયારેક કયારેક એટલી એકત્ર થઈ જાય છે જે ઝકાતના નિસાબથીયે અધિક થઈ જાય છે તો શું તે રકમો પર વરસ પસાર થઈ ગયા પછી ઝકાત વાજિબ થશે ?

એનો હલ એ છે કે ઝકાત તે માલમાં વાજિબ થાય છે જે કોઈ ચોકકસ વ્યકિતની માલિકીમાં હોય. જે રકમો કોઈ ચોકકસ વ્યકિતની માલિકીમાં ન હોય તેમાં ઝકાત વાજિબ નથી.

અલ્લામા હસ્કફી رضی اللہ عنہ જૌહરહ્ના હવાલાથી લખે છે :—

ليس فى سوائم الوقف و الخيل المسبلة زكاة لعدم المالك

પાલતુ પશુઓ તથા ઘોડાઓ જે વકફ કરેલા હોય તેમાં કોઈ ચોક્કસ (વ્યકિત) માલિક ન હોવાને કારણે ઝકાત નથી. (દુર્રે મુખ્તાર, ભાગ—૨, પેજ—૨૭૭)

અને મદ્રસાઓ વગેરેમાં જે રકમો જમા થાય છે તેમાં પણ કોઈ ચોકકસ વ્યકિત માલિક નથી હોતી જેથી તેમાં પણ ઝકાત વાજિબ નથી.

## ★ ડેરી ફાર્મ (ડેરી ઉદ્યોગ)ની ઝકાતનુ વર્ણન ★

વેપારના વિવિધ તરીકાઓમાંથી એક તરીકો એ પણ છે કે ભેંસોની ઘણી બધી સંખ્યા ભેગી કરી લેવામાં આવે છે અને તેમાંથી દૂધ કાઢીને સપ્લાય કરવામાં આવે છે. તે ભેંસોની સંખ્યા કેટલીકવાર ૫૦, ૧૦૦ સુધી રહે છે.

આ વેપારના તરીકાને ડેરી ઉદ્યોગ કહે છે. હવે સવાલ એ છે કે એ જાનવરો પર ઝકાત છે કે કોઈ અન્ય તરીકાથી ઝકાત કાઢવાની રહેશે ?

આ મસ્અલાની તેહકીક એ છે કે જે ભેંસો દૂધ પ્રાપ્ત કરવા માટે રાખવામાં આવે છે તે ધંધા તથા કારીગરીના ઓજારની જેમ છે કે જેવી રીતે કારખાનામાં મશીનો વગેરે પર ઝકાત નથી ભલે તેની ગમે તેટલી કિંમત કેમ ન હોય. એવી જ રીતે એ ભેંસો ઉપર પણ ઝકાત વાજિબ નથી. અલબત્ત એમનાથી મેળવેલા દૂધની આવક પર નિસાબ હોવાની શરતે ઝકાત વાજિબ થશે અને જો કોઈ ભેંસનુ ખરીદ વેચાણ કરીને તેની કિંમત ઉભી કરી લેવામાં આવી તો એ કિંમત જરૂર ઝકાતના માલની ગણત્રીમાં આવશે અને તેની ઝકાત વાજિબ થશે. (બહરૂલ ઉલૂમ આઝમી સાહબ કિબ્લાના પત્રનો સારાંશ)

## ★ પોલ્ટ્રી ફાર્મ (મરઘાં કેન્દ્ર)ની ઝકાત ★

ડેરી ઉદ્યોગની જેમ પોલ્ટ્રી ફાર્મ (મરઘાં કેન્દ્ર)નો કારોબાર પણ ખૂબ જ વ્યાપક ચાલે છે. એમાં એવું હોય છે કે મરઘાં, મરઘીઓ, ઈંડાઓ અને નાનાં બચ્ચાંનુ ખરીદ વેચાણ થાય છે તેની ઝકાત કઈ રીતે આપવામાં આવે ?

આ મસ્અલામાં જે વાતો તેહકીકને અંતે સામે આવી છે તે આ પ્રમાણે છે કે એ સર્વ ચીજો વેપારનો સામાન છે અને ઉઘાડી વાત છે કે વેપારનો સામાન એ શરતે કે નિસાબ સુધી પહોંચે અને કરજ વગેરેથી ખાલી હોય (એટલે કરજ બાદ કર્યા બાદ નિસાબ સુધી પહોંચે) તો તેમાં ઝકાત વાજિબ છે.

જેમ કે હુઝૂર સદરુશ્શરીઅહ્ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે :–

"સોના ચાંદી સિવાય વેપારની કોઈ ચીજ હોય જેની કિંમત સોના ચાંદીના નિસાબ સુધી પહોંચે તો તેના પર પણ ઝકાત વાજિબ છે." (બહારે શરીઅત, ભાગ–૫, પેજ–૩૬)

એટલા માટે વરસ પસાર થયા બાદ ઈંડાં, મરઘાં, મરઘીઓ તથા નાનાં બચ્ચાંની કિંમત પર ઝકાતની અદાયગી વાજિબ છે.

## ★ LIC માં જમા રકમ પર ઝકાત ★

બેંકોની વિવિધ સ્કીમોમાં એક સ્કીમ જીવન વીમા (Lite Insur-





ance Corporation) ની છે એમાં હપ્તાવાર રકમ જમા કરવાની હોય છે. હવે જે રકમ જમા કરવામાં આવી છે તો શું એના ઉપર પણ ઝકાત વાજિબ છે ?

આગળ એનું વર્ણન આવી ચૂકયું છે કે કરજ (ઉધાર) આપેલી રકમ પર ઝકાત વાજિબ છે અને એ વાત તેહકીક પામેલી છે કે બેંકોમાં જમા કરવામાં આવતી રકમ કરજની હેસિયત ધરાવે છે જેથી એ પણ સ્પષ્ટ થઈ ગયું કે LIC (જીવન વીમા)માં જમા થયેલી રકમ પર ઝકાત વાજિબ છે એ શરતે કે જમા કરનાર માલિકે નિસાબ હોય.

## ★ મજલિસે શરઈનો ફેંસલો ★

જીવન વીમા (LIC) માં જમા થયેલી રકમની ઝકાતના વિશે જામિઆ અશરફિયા મુબારકપુરની મજલિસે શરઈનો ફેંસલો આ પ્રમાણે બહાર પડયો છે :–

"મૂળ જમા થયેલ રકમની ઝકાત દર વરસે વાજિબ છે પણ અદાયગી તે રકમ હાથમાં આવે ત્યારે વાજિબ છે અને અધિક માલ પ્રાપ્ત થયા બાદ અસલ નિસાબ સાથે જોડાઈ જશે જેથી તેની ઝકાત નિસાબનુ વરસ પસાર થતાં વાજિબ છે. (સહીફએ ફિકહે ઈસ્લામી, પેજ–૩૨, મુબારકપુર)

## ★ ભલાઈનાં કાર્ય કરતી સંસ્થાઓને ઝકાત આપવી કેવી ? ★

વર્તમાન કાળમાં આમ મુસલમાનોની ભલાઈ તથા ઉદ્ધાર માટે તથા તેમના માટે રોજગાર પૂરો પાડવા અથવા તેમની ભલાઈના માટેના પ્લાનની પૂર્ણતા માટે વિવિધ પ્રકારની (સામાજિક) સંસ્થાઓ સ્થપાયેલ છે, તો શું તે (સામાજિક) સંસ્થાઓને ઝકાતની રકમ આપી શકાય છે ?

મુફસ્સિરીને એઝામ તથા ફુકહાએ કિરામની એના પર એકમતિ છે કે કુર્આન શરીફમાં વર્ણવેલ ઝકાતના હક્કદારો પર જ ઝકાતની રકમ વાપરી શકાય છે. તે મુસ્તહિકો (હક્કદારો) સિવાય કોઈ અન્યને ઝકાત આપવાથી તેની અદાયગી નથી થતી.

જેમ કે અલ્લામા નફસી رحمۃاللہ علیہ ફર્માવે છે :–

(انماالصدقات للفقراء والمسكين) قصر جنس الصدقات على الاصناف المعدودة اى هى مختصة بهم لاتتجاوز الى غير هم كانه قيل انما هى لهم لالغيرهم

આયતે કરીમા انماالصد قات માં સદકાઓને વર્ણન કરેલ વ્યકિતઓ માટે સીમિત કરી આપેલ છે. એટલે કે સદકાઓ તેઓના માટે જ ખાસ છે જેથી અન્યોને આપવામાં નહીં આવે. જાણે એવું કહેવામાં આવ્યું છે કે સદકાઓ તેમના માટે છે અન્ય લોકો માટે નથી. (તફસીરે નસફી, ભાગ–૨, પેજ–૧૩૧)

સાથોસાથ એ વાત પણ જરૂરી છે કે ઝકાતના મુસ્તહિકને (હકદારને) માલિક બનાવી દેવામાં આવે. જેમ કે હઝરત સદરુશ્શરીઅહ્ رحمۃاللہ علیہ ફર્માવે છે :–

"તમ્લીક (તમ્લીક = ઝકાતના હક્કદારને માલિક બનાવ્યા) વિના ઝકાત અદા થતી નથી." (બહારે શરીઅત, ભાગ–૫, પેજ–૫૮)

બલ્કે જો કોઈ શખ્સ માલિકીનો કબજો આપ્યા વગર માલની ઝકાતની જ નિય્યત સાથે ઝકાતના હકદારો પર ખર્ચ કરી નાખે તો પણ ઝકાત અદા થશે નહીં. કેમ કે આવી સ્થિતિમાં તમ્લીક નથી જોવા મળતી અને આ જ કારણે ઝકાતના માલ વડે મસ્જિદ વગેરેનું બાંધકામ દુરુસ્ત નથી. જેમ કે ફતાવાએ આલમગીરીમાં છે :–

لايجوزان يبنى بالزكاة المسجد و كذاالحج و كل ما لاتمليك فيه

"ઝકાતની રકમ વડે મસ્જિદ બનાવવી, એ જ પ્રમાણે હજ કરવી જાઈઝ નથી. એ જ પ્રમાણે દરેક તે કામ જેમાં તમ્લીક ન હોય તે નાજાઈઝ છે." (આલમગીરી મઅ ખાનિયહ્, ભાગ–૧, પેજ–૧૮૮)

આ વર્ણનોથી એ જાણવા મળ્યું કે ભલાઈનાં કામો કરતી સંસ્થાઓ અને દવાખાનાં વગેરેનાં બાંધકામમાં ઝકાતનો માલ નથી આપી શકાતો.

અને દીની મદ્રસાઓ પર કિયાસ કરીને ભલાઈનાં કામ કરતી (સામાજિક) સંસ્થાઓ, દવાખાનાં તથા મસ્જિદ વગેરેનાં બાંધકામ તથા અન્ય





ભલાઈનાં કામોમાં ઝકાત તથા વાજિબ સદકાની રકમ ખર્ચ કરવાના માટે શરઈ હીલાની હરગિઝ ઈજાઝત અપાશે નહીં. કેમ કે દીની મદ્રસાઓમાં જો હીલા પછી ખર્ચ કરવામાં ન આવે અને મદ્રસાનો આધાર કેવળ લિલ્લાહ, ખૈરાત પર રાખવામાં આવે તો એ મદ્રસા બંધ થઈ જશે જેના કારણે ઈસ્લામ ધર્મને ઘણુ નુકસાન પહોંચશે. જેથી અથવા અતિ મહત્વની જરૂરત તથા મજબૂરીના લીધે ઉલમાએ કિરામે દીની મદ્રસાઓના માટે શરઈ હીલાની ઈજાઝત આપી છે, નહીં કે દરેક દીની કામ માટે. અને એ વાત પણ એના સ્થાને સાબિત થઈ ચૂકેલી છે કે જે હુકમ જરૂરતના લીધે સાબિત થાય છે તે જરૂરતના પ્રમાણથી આગળ નથી વધતો.

ફિકહનો મશહૂર કાયદો છે :– ماابيح للضرورة يتقدر بقدرها

જેથી ભલાઈનાં કામો કરતી સંસ્થા તથા દવાખાનાં વગેરે સ્થાપનારાઓને શરઈ હીલાની હરગિઝ ઈજાઝત નથી. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ લખે છે :–

"પુષ્કળ માલવાળા માલદારો નેઅમતનો શુક્ર બજાવે, હજારો રૂપિયા ફુઝૂલ મનેચ્છાઓ અથવા દુનિયાવી સજાવટ તથા જાહેરી શણગારમાં ઉઠાવનારા (ખર્ચનારા) ભલાઈનાં કામોમાં ખર્ચ કરવા માટે હીલાઓની આડ ન લે." (ફતાવાએ રિઝવિય્યહ્, ભાગ–૪, પેજ–૩૯૨)

મૌલા તઆલા મુસલમાનોને સદ્બુધ્ધિ આપે કે ખુદાનો ખૌફ કરે, ઝકાતના હેતુને સમજે અને શરઈ હીલાને કે જે શરઈ જરૂરતના તૌર પર જાઈઝ છે તેનો ગલત ઈસ્તેમાલ ન કરે.

## ★ ચેક દ્વારા ઝકાતની અદાયગીનો હુકમ ★

ચેક એક બિલ ઓફ એકસચેન્જ છે જે કોઈ બેંકના નામે કાપવામાં આવે છે અને એક નિશ્ચિત સમય સુધીમાં બેંકવાળાઓ પર ચેકમાં લખેલ રકમની અદાયગી જરૂરી હોય છે. ચેકમાં કયારેક તો એવું હોય છે કે જેના નામે ચેક હશે તેને પેમેન્ટ મળશે અથવા તે જેને માટે હુકમ કરે અને કયારેક એવું હોય છે કે ચેક જેના હાથમાં હોય તે જ કેશ કરાવી શકે. હવે સવાલ એ

છે કે જો કોઈ શખ્સ ઝકાત અદા કરવા ચાહે છે તો શું ઝકાતના હકદારને ચેક આપી દેવાથી તેની ઝકાત અદા થઈ જશે કે જ્યારે ચેક વટાવીને ફકીર (ગરીબ) તે રકમ પર કબજો કરી લે ત્યારે ઝકાત અદા થશે ?

ચેકના વિશે તમામ તેહકીકાતને અંતે એ વાત સ્પષ્ટ થઈ છે કે ચેક કેવળ એક માલની (રૂપિયાની) સનદ છે અને આમ રિવાજમાં તેની હૈસિયત કરન્સી નોટો જેવી નથી. બંનેમાં ઘણે અંશે ફરક જોવા મળે છે.

જાનશીને મુફ્તીએ આ'ઝમે હિંદ હુઝૂર અલ્લામા મુફ્તી અખ્તર રઝા અઝહરી મિયાં બરેલ્વી દામત બરકાતુહુમ્ ઈર્શાદ ફર્માવે છે :–

"ચેકના બારામાં જે માહિતી એકત્ર કરવામાં આવી તેનાથી જાહેર છે કે તે કેવળ રકમની સનદ છે અને બાકી રહેનારો માલ નથી. (અકસે ફતાવા હુઝૂર અઝહરીમિયાં કિબ્લા)

## ★ મજલિસે શરઈનો ફૈંસલો ★

ચેકના વિશે વિવિધ સેમીનારોમાં ચર્ચાને અંતે સર્વ સંમતિથી ફૈસલો કરવામાં આવ્યો કે ચેક એક રકમની સનદ છે અને આ હૈસિયતથી બાકી રહેનારો માલ નથી." (અકસે તય શુદા ઉમૂર, પેજ–૬)

જેથી ચેકનો હુકમ કરન્સી (ચલણી) નોટો જેવો નથી કે ઝકાતના હકદારને માલિક બનાવી દેતાં જ ઝકાત અદા થઈ જશે, બલ્કે ફકીર (ગરીબ) ચેક પર લખેલ રકમને બેંક થકી વસૂલ કરી લે ત્યારે અદા થશે. એટલા માટે કે ઝકાતની અદાયગીના માટે ફકીરને (ગરીબને) માલનો માલિક બનાવી દેવું શરત છે અને માલિક બનાવી દેવાનો મતલબ એ થાય છે કે માલ ફકીરના કબજામાં આપી દે અને ચેક આપવું માલ પર કબજો કરાવવું નથી બલ્કે માલ પર કબજો કરાવવાનુ હુકમનામુ છે, જેના થકી બેંકથી લખેલ રકમ મેળવી શકે છે. જેથી જ્યારે ફકીર રકમ હાંસલ કરી લે ત્યારે ઝકાતની અદાયગી થશે, એ પહેલાં નહીં.

હઝરત અલ્લામા સદરુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"કોઈના પર તેના રૂપિયા આવે છે, ફકીરને કહી દીધું કે તેનાથી





વસૂલ કરી લે અને નિય્યત ઝકાતની કરી, તે કબજો મેળવ્યા બાદ અદા થશે." (બહારે શરીઅત, ભાગ–૫, પેજ–૨૪)

આ જ હુકમ ચેકનો પણ થશે કે માલ પર કબજો મળ્યા બાદ ઝકાત અદા થશે.

## ★ સાહિબે નિસાબ કોણ કહેવાશે ? ★

વર્તમાનકાળમાં જ્યારે કે સોના ચાંદીના ભાવોમાં જમીન તથા આસ્માનનો ફરક છે સોનાથી કિંમત લગાડવા કરતાં ચાંદીથી કિંમત લગાડવામાં જલ્દી નિસાબ મુકમ્મલ થઈ જશે. તો હવે ઝકાત વાજિબ થવા બાબતમાં ચાંદી તથા સોનાના નિસાબમાંથી કયા નિસાબને સ્વીકારવામાં આવે, ચાંદીને કે સોનાને ?

એ વાત તો તદન સ્પષ્ટ છે કે નિસાબનો દારોમદાર તો સોના અને ચાંદી પર રાખવામાં આવ્યો છે. જો કોઈની પાસે ફકત સોનુ જ છે (તદન ચાંદી કે રોકડ રકમ નથી) તો તેનો નિસાબ સાડા સાત તોલા (૭.૫ તોલા) નક્કી કર્યા છે અને જો કેવળ ચાંદી જ છે તો તેનો નિસાબ સાડા બાવન તોલા છે. આ વર્ણન કરેલા નિસાબોથી ઓછામાં ઝકાત નથી, (સમજ માટે જણાવું કે જેની માલિકીમાં થોડુ સોનુ, થોડી ચાંદી તથા થોડી રકમ રોકડ કે બેંકમાં જમા વગેરે હશે તો ૫૨.૫ (સાડા બાવન તોલા) ચાંદીના આધારે નિસાબ ગણાશે. –અનુવાદક)

બાકી રહ્યો વેપારનો સામાન તો તેની સોના કે ચાંદી પરથી કિંમત લગાડવામાં આવશે, જેની કિંમતથી નિસાબે પહોંચી જાય તે જ વિશ્વસનીય થશે, ચાહે સોનુ હોય કે ચાંદી. વર્તમાનકાળમાં સોના કરતાં ચાંદીથી કિંમત લગાડવામાં જલ્દી નિસાબ પૂરો થઈ જાય છે, કેમ કે જો કોઈની પાસે દા.ત. છ હજાર (૬૦૦૦) રૂા. છે અથવા વેપારનો સામાન છે તો હાલના સમયમાં સાડા બાવન તોલા ચાંદીની કિંમત બરાબર થઈ જશે અને ફુકહાએ કિરામનુ ફર્માન છે કે જેમાં મોહતાજોનો અધિક લાભ હોય તેનાથી કિંમત લગાડવામાં આવે. જેમ કે સાહિબે હિદાયહ رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

ثم قال يقومهابما هوانفع للمساكين احتياطا لحق الفقراء "ફર્માવ્યું કે ગરીબ તથા મિસ્કીનોના હક્કના ફેવરમાં ખયાલ કરતાં કિંમત એનાથી લગાડવામાં આવશે જે મિસ્કીનો માટે અધિક લાભકારક થાય. (હિદાયહ્, ભાગ–૧, પેજ–૧૯૫)

જેથી ઝકાત વાજિબ થવામાં ચાંદીની કિંમત મો'તબર થશે અને વેપારના માલ વગેરેની કિંમત સાડા બાવન તોલા ચાંદીની કિંમતના બરાબર હોય તો તેના પર ઝકાત વાજિબ છે, એ શરતે કે કરજ (દેવું માથે) ન હોય. (કરજ બાદ કરવામાં આવશે.)

## ★ ખેતી કરવા આપેલી જમીનમાં ઉશ્ર કોના પર ? ★

ખેતીના મામલામાં કયારેક એવું પણ થાય છે કે જમીન માલિક કોઈ બીજાને પોતાની જમીન ખેતી કરવા માટે આપી દે છે અને ઉપજમાંથી જેટલુ આસપાસમાં નક્કી થઈ જાય તે લઈ લે છે. (જેમ કે આધે જમીન ખેડવા અપાય છે.) એ ખેતીની ઉપજમાં ઝકાત કોના પર વાજિબ છે ? માલિક પર કે ખેડવા લેનાર પર કે બંને પર ?

આ મસ્અલામાં ફુકહાએ કિરામનો એ ઈર્શાદ છે કે ઉશ્ર માલિક તથા વાવણી કરનાર બંને પર વાજિબ છે. જેમ કે અલ્લામા શામી رحمۃ اللہ علیہ બદાએઅ્ના હવાલાથી જણાવે છે :–

ان المزارعة جائزة عندهما والعشر يجب فى الخارج والخارج بينهما فيجب العشر عليهما

વાવણી માટે આપવું સાહિબૈનની નજીક જાઈઝ છે અને ઉશ્ર પાકની ઉપજ (પેદાવાર) પર વાજિબ છે અને પેદાવારમાં (માલિક તથા વાવનાર) ભાગીદાર છે જેથી ઉશ્ર બંને પર વાજિબ છે. (શામી, ભાગ–૨, પેજ–૩૩૫)

## ★ યુકલેપ્ટિસ વગેરેની ખેતી પર ઉશ્ર ★

આજ કાલ ઘણા લોકો યુકલેપ્ટિસ વગેરે ઝાડોની બાકાયદા ખેતી કરે છે. કેટલાક ઝાડો એવાં હોય છે જેનાથી ફળો મેળવવામાં આવે છે અને કેટલાક એવાં છે જેનાથી ફળ મેળવવાનો હેતુ નથી હોતો પણ સળગાવવા કે





ઈમારત તથા ફર્નિચર વગેરેમાં ઈસ્તેમાલના માટે તૈયાર કરવામાં આવે છે. તો શું જે ઝાડોની ખેતી થાય છે તેના ઉપર પણ ઉશ્ર વાજિબ થશે ?

ઉશ્ર વાજિબ થવામાં પાયાની શરત એ છે કે પેદાવારનો સંબંધ એવી ચીજો સાથે હોય જેને ઉગાડવા તથા પેદા કરવાનો રિવાજ હોય અને નિયમિત રીતે તેની ખેતી કરીને તેનાથી ફાયદો ઉઠાવવામાં આવતો હોય. એ જ કારણે જે ઘાસ વગેરે જે આપમેળે ઉગે છે અને તેનાથી કોઈ ફાયદાનો હેતુ નથી હોતો તેમાં ઉશ્ર વાજિબ નથી.

અલ્લામા કદૂરી ફર્માવે છે :– الاالحطب والقصب والحشيش

"ઈમામે આ'ઝમ ફર્માવે છે કે જે ચીજ જમીનમાંથી ઉગે તેમાં ઉશ્ર છે, પણ બાંસ, લાકડી, ઘાસમાં નથી." (કદૂરી, પેજ–૪૮)

પણ એ જ ઘાસ, બાંસ વગેરે જો ફાયદો ઉઠાવવાના માટે જમીનમાં લગાડયું તો તેની પેદાવાર પર ઉશ્ર વાજિબ છે. જેમ કે હિદાયહ્માં છે :–

حتى لواتخذ هامقصبة اومشجرة اومنبتا للحشيش يجب فيها العشر

"ત્યાં સુધી કે જમીનને વાંસ કે ઝાડ ઉગાડવાના કામમાં લાવ્યો તો તેમાં ઉશ્ર વાજિબ છે." (હિદયહ્, ભાગ–૧, પેજ–૨૦૧)

ઉપરોકત બયાનથી સ્પષ્ટ થાય છે કે યુકલેપ્ટિસ વગેરેની ખેતી કરવામાં આવે છે તો તેમાં ઉશ્ર વાજિબ છે.

## ★ પાણીની પેદાવાર પર ઉશ્ર ★

ઘણી ચીજોની ખેતી પાણીમાં કરવામાં આવે છે પણ તેનો સંબંધ જમીનથી હોય છે, દા.ત. મખાના (ફળ આપતી વનસ્પતિ) વગેરે, તો શું તેના પર પણ ઉશ્ર વાજિબ છે ?

આ મસ્અલામાં તેહકીક એ છે કે મખાના વગેરે બુનિયાદી તૌર પર છોડ છે જો કે તેના ઉછેર માટે પાણી ઘણા પ્રમાણમાં જરૂરી છે પણ તેનાં મૂળો જમીનમાં પ્રવેશતાં હોય છે. બલ્કે સંઘાળાના બીજને તો બાકાયદા જમીનમાં રોપવામાં આવે છે. જેથી આ ચીજો مااخرجت الارض માં સામેલ છે, માટે તેમના પર ઉશ્ર વાજિબ થશે અને જમીનમાં પેદા થનાર ચીજોનું ઉશ્ર જે રીતે અદા કરવામાં આવે છે તે રીતે તેમનુ પણ અદા કરવુ પડશે.